# ●નમાઝની પાબંદી અને હિફાઝત

●સંપાદક : હઝ. મવ. ફઝલુર્રહમાન આ'ઝમી સાહેબ

●અનુવાદક : મવ. મુફતી અસ્જદ અહમદ દેવલ્વી સાહેબ

●પ્રતઃ૧૦૦૦, દ્વિતીય આવૃતિ, ઈ.સ.૨૦૦૪

●પ્રકાશકઃ

મુફતી અહમદ દેવલ્વી
જામિઅહ ઉલૂમુલ કુર્આન, જંબુસર
મુ.પો. જંબુસર, જિ.ભરૂચ, ગુજરાત,
પીનઃ૩૯૨૧૫૦, ૮૨૨૦૭૮૬–૨૨૦૨૮૬
ફેકસઃ ૨૨૨૬૭૭ www.jamiahjambusar.com
*e mail: jamia@satyam.net.in*

સખી સજ્જનોના મર્હૂમોના ઈસાલે સવાબ અર્થે.
અલ્લાહ તઆલા દરેકની મગફિરત ફરમાવે.

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧ | પ્રકાશકીય | ૩ |
| ૨ | અભિપ્રાય | ૬ |
| ૩ | નમાઝની પાબંદી અને હિફાઝત | ૧૧ |
| ૪ | જમાઅતની પાબંદી | ૧૪ |
| ૫ | હઝરત ઉમર (રદિ.)નો પત્ર | ૧૬ |
| ૬ | કુર્આન પઢવામાં તજવીદની જરૂરત | ૧૭ |
| ૭ | તકબીરે તહરીમા તેમજ કિયામ (નમાઝમાં ઊભા રહેવાની) સહીહ રીત | ૧૯ |
| ૮ | રૂકૂઅનો સહીહ તરીકો | ૨૧ |
| ૯ | રૂકૂઅ, સજદહ, કવ્મહ અને જલ્સહને ઈત્મીનાનથી અદા કરવા બાબત | ૨૨ |
| ૧૦ | સજદહનો સહીહ તરીકો | ૨૫ |
| ૧૧ | બંને સજ્દાઓ દરમિયાન અને કઅદહમાં બેસવાનો તરીકો | ૨૭ |
| ૧૨ | સલામ તેમજ દુઆનો સહીહ તરીકો | ૨૮ |

| | | |
|---|---|---|
| ૧૩ | લિબાસની ઈસ્લાહ | ૨૯ |
| ૧૪ | ખુલ્લા માથે અથવા અડધી બાંય રાખી નમાઝ પઢવી | ૩૨ |
| ૧૫ | ચુસ્ત લિબાસ પહેરીને નમાઝ પઢવી | ૩૩ |
| ૧૬ | તસવીર વાળા કપડામાં નમાઝ | ૩૩ |
| ૧૭ | નકશીવાળા કપડામાં નમાઝ | ૩૩ |
| ૧૮ | નમાઝીની ઝાહિરી શકલ – સૂરત | ૩૪ |
| ૧૯ | ખુશૂઅ અને ખુઝૂઅ | ૩૫ |
| ૨૦ | ઘરવાળાઓની નમાઝ પ્રત્યે ચિંતિત રહેવું | ૩૭ |
| ૨૧ | ઓરતોની નમાઝ | ૩૯ |
| ૨૨ | ઓરતોની જમાઅત | ૪૩ |

# પ્રકાશકીય

ઈસ્લામી ઈમારતના પાંચ અરકાનો (સ્થંભો) પૈકી નમાઝ એક અગત્યનો રુકન (આધાર સ્થંભ) છે. હદીષે પાકમાં છે :

﴿الصلوة عماد الدين﴾

ઈસ્લામી અહકામો (આદેશો)માં ઈમાન પછી સૌ પ્રથમ નમાઝનો હુકમ આપવામાં આવ્યો છે, અને નમાઝને કુફ્ર અને ઈસ્લામ વચ્ચેની હદમર્યાદા ઠેરવવામાં આવી છે. કુર્આને કરીમની આયત

﴿اقيموا الصلوة ولا تكونوا من المشركين﴾

માં પણ એ  જ બાબતને સ્પષ્ટ સ્વરૂપે વર્ણવામાં આવી છે. ઈસ્લામી ફરાઈઝ (મૂળભુત ફરજો)માં નમાઝ એક એવો ફર્ઝ છે જે બુલુગ (પુખ્ત વય)થી લઈ મૌત સુધીના માનવ જીવનનાં પ્રત્યેક સમય–સંજોગને આવરી લે છે અને પ્રત્યેક આકિલ–બાલિગ મુસલમાનને રાત દિવસમાં પાંચવાર પોતાના સર્જનહાર સમક્ષ તેની સમીપતા કાજે ખડો કરી દે છે.

ગુનાહિત જીવનથી સુરક્ષિત, ઉચ્ચતમ અને પવિત્ર જીવન સફર તરફ પ્રયાણ કરવામાં નમાઝની ચાવીરૂપ ભૂમિકા છે, તો રોઝીની તંગી દૂર કરવા માટે પણ નમાઝ અકસીર ઉપાય છે. મુસીબતોથી રક્ષણ અને તકલીફોના નિવારણની તે આગવી ક્ષમતા ધરાવે છે, તો માનવ સૃષ્ટીના સર્જનના પાયારૂપ હેતુ (ઈબાદત)ને સાર્થક કરવા માટે નમાઝ ઉત્તમોત્તમ ઈબાદતનું આગવું સ્વરૂપ છે.

આવી વિશેષ ગૂણો ધરાવતી ઈબાદતની અદાયગીના ઈસ્લામે વિશેષ નિયમો અને સિધ્ધાંતો નિર્ધારિત કરેલ છે, જેને પાડવા અતિઆવશ્યક અને હેતૂ પ્રાપ્તિ માટે જરૂરી છે, એટલા જ માટે

કુર્આને જયાં જયાં નમાઝનો આદેશ આપ્યો છે, ત્યાં ત્યાં

﴿اقيموا الصلوة﴾

ઈકામતે સલાતનો શબ્દ પ્રયોગ્યો છે. અરબી શબ્દકોશની રૂએ તેનો સાર નમાઝને તેના નક્કી કરેલ ધારાધોરણો અને નિતિનિયમો અનૂસાર, અર્થાત (આદાબ સહિત) અદા કરવાનો છે. આ રીતે અદા કરવામાં આવેલ નમાઝ જ નમાઝમાં સમાયેલા હેતુઓને સાર્થક કરે છે અને આદાબ વિરૂધ્ધ અદા કરેલ નમાઝ હદીષની રૂએ માથાથી ઉપર નથી જતી, વળી આવી નમાઝ તેના પઢનારને પરત મારી દેવામાં આવે છે. અર્થાત એવી નમાઝ નમાઝીને, નમાઝના મહામુલા ફાયદાઓથી વંચિત કરી દે છે.

જીવનના પ્રત્યેક દિવસમાં પાંચ વખતે પઢાતી નમાઝને સ્વીકૃતિનું બહુમાન અપાવવા અને રદ બાતલ થવાથી બચાવવા નમાઝને તેના શરીઅતે બતાવેલ સહીહ તરીકા (ફરજો, વાજિબો, સુન્નતો અને અદબો) ની રિઆયત સાથે પઢવું અત્યંત જરૂરી છે.

નમાઝના શરીઅતે બતાવેલ સહીહ તરાકાને વર્ણવતી આ પુસ્તિકાના ઉર્દુ મુરત્તિબ (સંપાદક) હઝરત મવલાના ફઝલુર્રહમાન આ'ઝમી સાહેબ દા.બ. (શૈખુલ હદીષ દારૂલ ઉલૂમ અરબિય્યહ ઈસ્લામિય્યહ, આઝાદવિલ, દ.આફ્રિકા) છે, જેમણે ખુબ જ ચીવટપૂર્વક, આધારભૂત કિતાબોમાંથી હવાલા સહિત નમાઝના પ્રત્યેક ભાગ (જમાઅત, તજવીદ, કિયામ, રૂકૂઅ, સજદહ, કવમહ, જલ્સહ, સલામ, દુઆ, લિબાસ)ના આદાબ અને અન્ય જરૂરી એવા મસાઈલને ભેગા કર્યા છે, હઝરત મવલાનાએ જામિઅહના ઉસ્તાદે હદીષ હઝરત મવલાના મુહમ્મદ દેવલ્વી સાહેબને તેમની એક મુલાકાત ટાણે આ કિતાબને ગુજરાતીમાં અનુવાદ કરી પોતે છપાવી આપવાની ઓફર કરી હતી, નમાઝ જેવા વિષય ઉપર ખૂબ જ લાભદાયી એવી પુસ્તિકાના અનુવાદ અને છપાવી આપવાની

ઓફરને જામિઅહએ સહર્ષ સ્વીકારી, અને જામિઅહનાં પ્રકાશન વિભાગે અનુવાદનું કામ અઝીઝ નૂરચશ્મ મવ. અસ્જદ સા. દેવલ્વી (સલ્લમહૂ)ને સોપ્યું. તેમણે આ કામ કરીને અનુવાદના પંથે પહેલું ડગ ભરી પ્રયાણ કર્યુ છે. હક તઆલા એમની દરેક મંઝિલે મદદ ફરમાવે અને હર હંમેશ દીની ઈલ્મી સેવાઓમાં પ્રવૃત્ત રહેવાની તૌફિક આપે. અનુવાદને પોતાની દિર્ઘદ્રષ્ટી વડે ચકાસવાનું મહત્વનું કામ જામિઅહના શૈખુલ હદીષ હઝરત મવલાના મુફતી ઈસ્માઈલ ભડકોદ્રવી સા. દા.બ.એ કર્યુ. હક તઆલા સૌની સેવાઓને સ્વીકૃતિનું બહુમાન અર્પણ કરે અને પોતાની શાનને અનુરૂપ દારૈનમાં બદલો ઈનાયત કરે. આમીન.

હવે કીંમતી પુસ્તિકા જામિઅહના પ્રકાશન વિભાગ તરફથી તેના ખૂબ જ ટુંકા ગાળામાં ઉમ્મતે મુસ્લિમહની સેવામાં રજૂ થતી એકવીસ (૨૧)મી ભેટ છે. હક તઆલા પ્રકાશન વિભાગની કોશિશોને કબૂલ ફરમાવે. આમીન.

જામિઅહના નાઝિમ મવ. ઈકબાલ ફલાહી સાહેબનો આભારી છું કે જેમણે કોમ્પ્યુટર ટાઈપીંગ, સેટીંગ વડે કિતાબને સુંદર સ્વરૂપ આપવાની કીંમતી સેવા અર્પણ કરી, સાથે સાથે મુળ લેખક, અનુવાદક, પ્રકાશન સહાયક હઝરત મવલાના ફઝલુર્રહમાન આ'ઝમી સાહેબ દા.બ.નો પણ અંતકરણથી ઋણી છું.

અંતે જામિઅહ પરિવારની સેવામાં પુસ્તીકા રજૂ કરતી વેળાએ પોતાના મર્હુમીનના ઈસાલે સવાબ માટે આવી પુસ્તિકાઓ છપાવી જામિઅહના પ્રકાશ વિભાગને કાર્યરત રાખવાની અપીલ કરૂં છું.

ફકત વસ્સલામ
મુફતી અહમદ દેવલ્વી
ખાદિમ, જામિઅહ ઉલૂમુલ કુર્આન

# ***અભિપ્રાય***

***હઝરત મવલાના મુફતી ઈસ્માઈલ ભડકોદ્રવી સાહબ દા.બ.***

***શૈખુલ હદીસ જામિઅહ ઉલૂમુલ કુર્આન જંબુસર,***

***સદર મુફતી દારૂલ ઉલૂમ કંથારીયા.***

بسم الله الرحمن الرحيم

نحمده و نصلی علی رسوله الكريم وعلی اله و اصحابه اجمعين۔

## મુસલમાન મર્દો અને ઓરતો માટે

## એક અગત્યની કિતાબ

કોઈ સામાન્ય મુસ્લિમ પણ આ બાબતથી વંચિત નહિં હોય કે ઈસ્લામી અહકામ અને ઈસ્લામી અરકાનમાં ઈમાન અને અકાઈદ પછી મહત્તમ અને સર્વોત્તમ અમલ નમાઝ છે. હઝરત રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ઈસ્લામની વિગત સમજાવતાં આ'માલમાં સૌથી પહેલા નમાઝનું વર્ણન ફરમાવ્યું છે. અને સહાબાહે કિરામ રદિ.ને તબ્લીગનો તરીકો બતાવતાં ઈમાન અને અકાઈદની દઅવત પછી આ'માલમાં સૌથી પ્રથમ નમાઝની દઅવત આપવા ફરમાવ્યું છે.

**નમાઝ** :– ઈસ્લામનો બુનિયાદી ફરીઝો છે.

**નમાઝ** :– મુસલમાન હોવાની ઓળખ છે.

**નમાઝ** :– મુસ્લિમ અને કાફિર વચ્ચેની ભેદરેખા છે.

**નમાઝ** :– રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની આંખોની ઠંડક છે.

**નમાઝ** :– ખુદાઈ મદદ મેળવવાનું માધ્યમ છે.

**નમાઝ** :– જન્નત પ્રાપ્ત કરવાનો ઝરિયો છે.

**નમાઝ** :– જહન્નમથી નજાતનો ઝરિયો છે.

**નમાઝ** :– જાન–માલની હિફાઝતની ઝામિન છે.

**નમાઝ** :– આખિરતના અંધારાઓમાં રોશનીનો મિનાર છે.

**નમાઝ** :– પોતાના ગુનાહોથી પાંચ વખત પાક થવાનું ગુસલ છે.

**નમાઝ** :– બેહયાઈના કામો અને બુરી વાતોથી રોકનાર છે.

**નમાઝ** :– અલ્લાહની નઝદીકી પ્રાપ્ત કરવાનો સૌથી ઉત્તમ અમલ છે.

**નમાઝ** :– સફરે મિઅરાઝ અને શબે મિઅરાઝનો કિંમતી તોહફો છે.

ઉકત વિગત મુજબ નમાઝ ઘણી મહત્વની અને ફઝીલતવાળી ઈબાદત અને ઉચ્ચતમ અમલ છે, માટે જ કિયામતના દિવસે ઈબાદતોમાં અને હુકૂકુલ્લાહમાં સૌથી પ્રથમ નમાઝની પાબંદી કરવા બાબત અને તેને સહીહ અદા કરવા બાબત હિસાબ લેવામાં આવશે.

હઝરત હુરૈસ બિન કબીસહ રદિ. એ કહ્યું કે હું મદીનહ આવ્યો અને મેં દુઆ કરી કે હે અલ્લાહ તુ મને એક નેક સાથી અતા ફરમાવ, પછી હું હઝરત અબૂ હુરૈરહ રદિ.પાસે બેઠો અને તેઓથી કહ્યું કે મેં તો અલ્લાહ તઆલાથી દુઆ કરી છે કે મને એક નેક સાથી અતા ફરમાવ, માટે તમો મને કોઈ એવી હદીષ સંભળાવો જે તમે હઝરત રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમથી સાંભળી હોય, આશા છે કે અલ્લાહ પાક મને તેનાથી લાભ પહોંચાડશે. હઝરત અબૂ હુરૈરહ રદિ.એ કહ્યું કે મેં હઝરત રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને ફરમાવતાં સાંભળ્યા છે કે કિયામતના દિવસે બંદાના અમલોમાં બધાથી પહેલાં નમાઝનો હિસાબ લેવામાં આવશે. જો તેની નમાઝ સહીહ અને દુરૂસ્ત નીકળશે તો તે માણસ (પોતાના મકસદમાં) કામ્યાબ અને (સવાબ પ્રાપ્તિમાં) ઉત્તિર્ણ સાબિત થશે

અને જો તેની નમાઝ (ન પઢવાના કારણે અથવા સહીહ ન પઢવાના કારણે) ખરાબ અને બગડેલી નીકળશે તો તે માણસ (સવાબથી) વંચિત અને (સજાના કારણે) નુકસાનમાં અને નિષ્ફળ રહેશે, જો ફર્ઝ નમાઝમાં (તેના વાજિબો, સુન્નતો, તેમાંની દુઆઓ, અઝકાર, અને ખુશુઅ, ખુઝુઅ છોડવાનાં કારણે) કોઈ ઉણપ સાબિત થશે તો રબ તબારક વ તઆલા ફરિશ્તાઓને ફરમાવશે કે જુઓ તો મારા આ બંદા પાસે નફલ નમાઝો પણ છે કે જેનાથી ફર્ઝ નમાઝોની કમી પૂરી કરી દેવામાં આવે. પછી બીજા અમલો (ઝકાત, રોઝહ, હજ્જ વગેરે)નો આજ પ્રમાણે હિસાબ લેવામાં આવશે. *(તિર્મિઝી શરીફ:ભાગ–૧)*

એક બીજી હદીસ હઝરત અનસ રદિ. હઝરત રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમથી નકલ કરે છે કે જે માણસ નમાઝ તેના નિશ્ચિત સમય ઉપર પઢે અને નમાઝ માટે સારી રીતે સંપૂર્ણ વુઝુ કરે અને નમાઝનો કિયામ, ખુશુઅ, રૂકુઅ અને સજદહ સહીહ અને પૂર્ણરૂપમાં અદા કરે તો તે નમાઝ ખૂબ રોશન અને ચમકદાર બનીને નમાઝી માટે દુઆ કરતી જાય છે કે અલ્લાહ તઆલા તારી એવી જ હિફાઝત ફરમાવે જેવી રીતે તેં મારી હિફાઝત કરી છે.

અને જે માણસ નમાઝ તેના વખત પછી પઢે અને સારી રીતે કામિલ વુઝુ ના કરે અને નમાઝનો કિયામ, ખુશુઅ, રૂકુઅ અને સજદહ સહીહ અને પૂર્ણરૂપમાં અદા ન કરે તો તે નમાઝ બદસૂરત અને કાળારંગની બનીને નમાઝી માટે બદદુઆ કરતી જાય છે કે અલ્લાહ તઆલા તને પણ એવો જ બરબાદ અને ખરાબ કરે જેવી રીતે તેં મને બરબાદ અને ખરાબ કરી છે, અહિંયા સુધી કે જયારે તે જયાં અલ્લાહ પાક ચાહે ત્યાં પહોંચી જાય છે તો તે નમાઝને જુના કપડાની જેમ લપેટી લેવામાં આવે છે અને પછી તે નમાઝીના મોઢા પર મારવામાં આવે છે. (તબરાની/ફઝાઈલે નમાઝ)

આ હદીસોથી સાબિત થાય છે કે નમાઝને તેના નિશ્ચિત વખત મુજબ પાબંદી સાથે અદા કરવી અને હઝરત રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે બતાવેલા સહીહ અને મસ્નુન તરીકા મુજબ અદા કરવી મુસલમાન માટે ખુબ જ જરૂરી અને અગત્યની બાબત છે. આ મકસદની આવશ્યકતા અને મહત્તાને નજર સમક્ષ રાખીને જ મુહતરમ હઝરત મવલાના ફઝલુર્રહમાન આ'ઝીમ સાહેબે *(મ.આ. શૈખુલ હદીસ, દારૂલ ઉલૂમ, આઝાદવિલ, દ. આફ્રિકા)* આ કિતાબ વિશ્વાસ પાત્ર હદીસો અને મસાઈલની કિતાબોનો અભ્યાસ કરીને ઈમાની ભાઈઓની નમાઝની ઈસ્લાહ માટે તૈયાર ફરમાવી છે, જેમાં તેઓએ નમાઝના દરેક રુકનને અદા કરવાનો સહીહ અને મસ્નુન તરીકો બતાવ્યો છે. અને તે મુજબ નમાઝ અદા કરવાથી પૂરી નમાઝ સહીહ અને દુરૂસ્ત થાય છે, જેનો કિયામતના દિવસે હિસાબ આપવાનો છે અને જેના પર આખિરતની કામ્યાબીનો આધાર છે. સાથે જ જમાઅત સાથે સમયસર નમાઝ પઢવાની તાકીદ અને ખુશુઅ–ખુઝુઅની મહત્વતાનું પણ વર્ણન કર્યુ છે અને આજ–કાલ નમાઝના દરેક રૂકનની અદાયગીમાં સામાન્ય રીતે થતી ભૂલો પ્રતિ ધ્યાન દોરી તેની ઈસ્લાહ ઉપર ભાર મૂકયો છે અને મર્દોની નમાઝના સહીહ તરીકા સાથે છેલ્લે ઓરતોની નમાઝનો સહીહ તરીકો પણ લખવામાં આવ્યો છે. ખુલાસો એ કે મજકૂર કિતાબ નમાઝ બાબત એક સર્વગ્રાહી અને ખૂબ ઉપયોગી કિતાબ છે અને દરેક ગુજરાતી ભાઈએ નમાઝ સહીહ અને સુન્નત તરીકા મુજબ પઢવા આ કિતાબનો અભ્યાસ જરૂરી છે.

મુહતરમ મવલાના સાહબે મજકૂર કિતાબ મૂળ ઉર્દુ ભાષામાં લખી તૈયાર કરી છે, આ કિતાબની અગત્યતા અને ઉપયોગીતાના લઈ અઝીઝ મુહતરમ મોલ્વી મુફતી અસ્જદ બિન મવ. મુફતી અહમદ દેવલ્વી સાહબ (ઝી.મ.) ને જામિઅહના પ્રકાશન વિભાગ

તરફથી તેનો ગુજરાતી અનુવાદ કરવા કહેવામાં આવ્યું તો અઝીઝે મુહતરમે કિતાબના ગુજરાતી અનુવાદના પોતાના પ્રથમ પ્રયાસમાં સફળ અને સરળ ગુજરાતી અનુવાદ કરી ગુર્જર મુસ્લિમ સમાજ માટે આ લાભદાયી અને ઉપયોગી કિતાબથી લાભ ઉઠાવવાનું સરળ કરી દીધું છે.

અલ્લાહ તઆલા કિતાબના મુહતરમ લેખક સાહબ (મ.આ.) અને અનુવાદક સાહબ (ઝી.મ.)ને આ મહેનત બદલ બેહતરીન બદલાથી નવાઝે અને તેઓની મહેનતને કબૂલ ફરમાવે. અને મુસ્લિમ ભાઈ–બહેનોને આ કિતાબની મહત્વતા સમજવાની, તેના વાંચવાની અને પોતાની ફર્ઝ, સુન્નત અને નફલ નમાઝોની પાબંદી કરવાની અને તેને સહીહ અને સુન્નત તરીકા મુજબ પૂર્ણરૂપમાં અદા કરવાની તૌફિક અતા ફરમાવે અને જામિઅહ ઉલૂમુલ કુર્આન જંબુસરના પ્રકાશન વિભાગની આવી ઉપયોગી અને મુલ્યવાન ખિદમતોને કબૂલ ફરમાવી તેને વધુને વધુ પ્રગતિ અતા ફરમાવે. આમીન

અહકર
ઈસ્માઈલ હાજી ઈબ્રાહીમ ભડકોદ્રવી
જુ. ઉલા ૧૪૨૧–૭/૮/૨૦૦૦ સોમવાર

☆☆☆

بسم الله الرحمن الرحيم
الحمد لله اولا و آخرا و الصلاة و السلام على النبى الأمى
المصطفى و على آله و اصحابه و ازواجه و ذريته اجمعين.

## નમાઝની પાબંદી અને હિફાઝત

ઈમાન પછી ઈસ્લામનો સૌથી મહત્વનો પાયો નમાઝ છે. શરીઅતમાં સુન્નત તરીકા મુજબ અને પાબંદી સાથે નમાઝ અદા કરવા પર ઘણો જ ભાર દેવામાં આવ્યો છે, અહિંયા સુધી કે ઈમાનવાળાઓની નજાત અને સફળતાને એના ઉપર જ આધારિત કરવામાં આવી છે અને જે લોકો નમાઝને ભૂલી જાય છે અથવા છોડી છોડીને પઢે છે, તેઓને હલાકત અને તબાહીની ધમકી સંભળાવવામાં આવી છે.

કલામ પાકમાં અલ્લાહ તઆલાનું ફરમાન છે :

﴿ حافظوا على الصلوات و الصلوة الوسطى وَ قُومُوا للّٰه قانتين ﴾
(بقره: ٢٣٨)

બધી નમાઝોની પાબંદી અને સાચવણી કરો અને (ખાસ કરીને) મધ્યમ નમાઝ (અસર)ની અને અલ્લાહ સમક્ષ વિનમ્ર બનીને ઊભા રહો. *(બયાનુલ કુર્આન)*

"મુહાફઝત"નો અર્થ એ છે કે નમાઝને તેના નકકી સમય પર હમેશા અને નિયમિતતાથી પઢવામાં આવે અને કોઈ પણ સમયની નમાઝ છોડવામાં ન આવે. *(બયઝાવી શરીફ)*

એના ધારા ધોરણો અને અદાયગીના સહીહ તરીકા મુજબ અદા કરવામાં આવે. *(ઈબ્ને કસીર)*

રિવાયતોથી માલૂમ પડે છે કે હઝરત રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ના વખતમાં અમુક લોકોથી જમાઅતમાં હાજરી આપવામાં સુસ્તી થઈ હતી, એના લઈને ઉપરોકત આયતે કરીમહ

ઉતારવામાં આવી. હઝરત નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું: ''લોકો આ રીતે નમાઝમાં ગેરહાજરી કરવાથી દૂર રહે, નહિ તો હું તેઓના ઘરોને આગ લગાડી દઈશ.

વિશેષ રીતે આયતમાં અસરની નમાઝની તાકીદ એટલા માટે કરવામાં આવી કે લોકો સામાન્ય રીતે તે વખતે કામમાં પરોવાયેલા રહે છે, જેનાથી નમાઝમાં મોડું થાય છે અથવા છૂટી જાય છે.

હદીસ શરીફમાં છે કે મુનાફિકની નમાઝ એ છે કે એ બેસીને નમાઝ પઢવાની રાહ જોતો રહે, અહિંયા સુધી કે સૂરજ પીળો પડી જઈ શયતાનના બંને શિંગડાની વચમાં આવી જાય, (અર્થાત : ગુરૂબ થવાની બિલકુલ તૈયારી હોય) ત્યારે ઉઠીને ચાર ચાંચ મારી લે છે (એટલે કે ચાર રકઆત જલ્દી જલ્દી પઢી લે છે) અને બિલકુલ નજીવા પ્રમાણમાં અલ્લાહનો ઝિક્ર કરે છે. *(મુસ્લિમ / મિશ્કાત ; ૬૦)*

આ વઈદ (ધમકી) તો અસરની નમાઝ મોડેથી પઢવા બાબત વર્ણન થઈ છે. જો એનો નિયત કરેલ સમય જ પસાર થઈ જાય અને સૂરજ ડૂબી ગયા બાદ પઢવામાં આવે તો એના વિશે હદીસ શરીફમાં આવ્યું છે:

﴿ الذي يفوته صلاة العصر فكانما وتر اهله و ماله ﴾

જે માણસની અસરની નમાઝ છૂટી ગઈ (સમય નીકળી ગયા પછી પઢી), તે એવો છે કે જેના બાલ બચ્ચાઓ અને માલ–દોલતને ઝૂંટવી લેવામાં આવ્યાં હોય. *(બુખારી : ૭૮, મુસ્લિમ)*

તેમજ આ પણ ફરમાવ્યું કે:

﴿ من ترك صلاة العصر فقد حبط عمله ﴾

જેણે અસરની નમાઝ છોડી એના (બધા જ) કામો બેકાર ગયા.
*(બુખારી: ૭૮, મિશ્કાત: ૬૦)*

આજે ઘણા મુસ્લિમો દુકાનોમાં વ્યસ્ત અને મગ્ન હોવાના લઈને સૂરજ આથમતા સમયે નમાઝ પઢતા અથવા કઝા કરતાં જોવામાં આવે છે, તેઓએ આ હદીસ યાદ રાખવી જોઈએ અને આ કારણે જ

આયતમાં "મધ્યમ નમાઝ" એટલે કે અસર વિશે તાકીદ કરવામાં આવી છે.

અલ્લાહ તઆલાએ બીજી એક આયતમાં ફરમાવ્યું છે :

﴿ان الصلاة كانت على المؤمنين كتابا موقوتا﴾

નિઃસંદેહ નમાઝ નિયત કરેલ સમયોમાં મુસલમાનો પર ફર્ઝ છે. *(સૂરએ નિસાઅઃ ૧૦૩)*

માટે શરઈ કારણ વિના સમય નીકળી ગયા પછી નમાઝ પઢવી અને અદા છોડીને કઝા પઢવી સખત ગુનાહ છે.

એક ઠેકાણે ફરમાવ્યું છે :

﴿فويل للمصلين الذين هم عن صلاتهم ساهون﴾

એવા નમાઝીઓ માટે મોટું નુકસાન છે જેઓ પોતાની નમાઝને ભૂલી જાય છે એટલે કે નમાઝ છોડી દે છે. *(સૂરએ માઉનઃ ૩–૪)*

આ મુનાફિકોની હાલતનું વર્ણન છે, પરંતુ અફસોસ છે કે આજે આપણા મુસલમાનોમાં પણ આવા નમૂનાઓ વધુ પ્રમાણમાં જોવા મળે છે.

એક હદીસ શરીફમાં ઈરશાદ છેઃ "જેની કોઈ નમાઝ છુટી ગઈ તો જાણે તેનાથી બીવી–બચ્ચા અને માલ છિનવી લેવામાં આવ્યો." *(ફત્હુલ્બારીઃ ૩૦/૨)*

મતલબ એ છે કે એક નમાઝના કઝા થવાથી એટલો સદમો થવો જોઈએ જેટલો કે દુન્યવી રીતે આ પ્રમાણેના નુકસાન અને હાનિ થવા પર થાય છે અને આખિરતની બાબતમાં પણ આ પ્રમાણેના નુકસાનનો ખયાલ કરવો જોઈએ.

એક હદીસ શરીફમાં છેઃ "જે કોઈ નમાઝની પાબંદી કરશે, કયામતના દિવસે નમાઝ એના માટે નૂર, દલીલ અને નજાતનો સબબ બનશે અને જે કોઈ પાબંદી નહિં કરે એના માટે નૂર, દલીલ અને નજાતનો સબબ નહિં બને અને આ માણસ કારૂન, ફિરઓન, હામાન

અને ઉબય ઈબ્ને ખલફ સાથે હશે".

*(મિશ્કાત, ૫૯ અન અહમદ, દારમી)*

અલ્લાહ તઆલા પૂરી ઉમ્મતની એનાથી હિફાઝત ફરમાવે.

*આમીન.*

## જમાઅતની પાબંદી

જમાઅતની પાબંદી કર્યા વિના નમાઝનો હક અદા નથી થઈ શકતો. કુર્આનમાં ઠેક ઠેકાણે "ઈકામતે સલાત"નો હુકમ આપવામાં આવ્યો છે, જેનો મતલબ ફકત નમાઝ પઢવું જ નથી બલકે નમાઝને દરેક પાસાથી અને ઢંગથી દુરૂસ્ત કરવું મુરાદ છે અને એને જ "ઈકામત" કહેવામાં આવે છે, જેના ભાવાર્થમાં નમાઝના ફરાઈઝ, વાજિબાત, મુસ્તહબ્બાત તેમજ આ તમામની નિયમિતતા સાથે પાબંદી કરવાનો પણ સમાવેશ થાય છે. *(મઆરિફુલ કુર્આનઃ ૧૧૧/૧)*

*મુફતી શફીઅ સા.(રહ.)એ એક જગ્યાએ લખ્યું છે :*

*"સહાબા, તાબિઈન તેમજ ફુકહાએ ઉમ્મતનો એક સમૂહ જમાઅત સાથે નમાઝ પઢવાને વાજિબ એટલે કે જરૂરી અને એના છોડવાને સખત ગુનાહ લેખે છે. જયારે કે અમુક સહાબા (રદિ.) શરઈ કારણ વિના જમાઅતથી ન પઢવામાં આવેલી નમાઝને નાજાઈઝ ઠરાવે છે. (મઆ. કુર્આન.)*

હદીસોમાં જમાઅત છોડવા બાબત સખત વઈદો (ધમકીઓ)નું વર્ણન છે. એક હદીસમાં આવ્યું છેઃ "કસમ છે એ હસ્તીની જેની મુઠ્ઠીમાં મારા પ્રાણ છે, મને ઈરાદો થાય છે કે હું ઈધણ એકઠું કરવાનો આદેશ આપું, ત્યાર બાદ અઝાન અપાવું અને બીજા કોઈને નમાઝ પઢાવવાનો હુકમ કરૂં અને પછી હું શરઈ કારણ વિના પોતાના ઘરે નમાઝ પઢનારાઓ પાસે જઈ તેવણના ઘરોને આગ લગાડી આપું. *(બુખારી શ. ૮૯/૧, મુસ્લિમ શ. ૩૩૨/૧)*

બીજી એક હદીસમાં છેઃ "જો ઘરોમાં સ્ત્રીઓ અને બાળકો ન હોત તો હું નમાઝ કાયમ કરત અને નવયુવાનોને ઘરોને આગ

લગાડવાનો આદેશ આપત. *(મિશ્કાત , ૯૭)*

એક હદીસમાં ઈરશાદ છેઃ "મુનાફિકો પર ઈશા અને ફજર સિવાય કોઈ નમાઝનો ભાર નથી પડતો, જો તેઓ આ બન્નેવ નમાઝો (જમાઅત સાથે પઢવાનો) સવાબ જાણી લે તો થાપાના સહારે ઘસડાયને મસ્જિદમાં આવે. *(બુખારી ૧/૯૦ – મુસ્લિમ ૧/૨૩૨)*

એક હદીસ શરીફમાં ફરમાવવામાં આવ્યું છેઃ "જે માણસ અઝાન સાંભળી કોઈ પણ કારણ વિના જમાઅતમાં ન જોડાયો તો એની આ એકલી પઢેલી નમાઝ કબૂલ પાત્ર ગણવામાં નહિં આવે." પુછવામાં આવ્યું કેઃ કયું કારણ માન્ય હોઈ શકે? (જેના લઈને જમાઅત છોડી શકાય) તો આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યુંઃ "(દુશ્મનનો) ભય અને બિમારી" એટલે કે એવો ડર અને બિમારી જે મસ્જિદમાં આવવા માટે અવરોધરૂપ હોય. *(મિશ્કાત – ૯૬)*

એક અંધ સહાબી (રદિ.)એ દરબારે રિસાલતમાં અરજ કરી : યા રસૂલલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)! "મને કોઈ મસ્જિદે લઈ જવા વાળું નથી, માટે મને ઘરમાં નમાઝ પઢવાની પરવાનગી છે?" હઝરત નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ પરવાનગી અર્પણ કરી. જયારે તેઓ પાછા ફરવા લાગ્યા તો આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ બોલાવીને પૂછયું તમો "અઝાન સાંભળો છો ?" તેઓએ અરજ કરીઃ "જી હાં" તો આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું "ત્યારે તો હાજરી આપવી જરૂરી છે." *(મુસ્લિમ શ. ૨૩૨/૧)*

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઉદ (રદિ.) ફરમાવે છેઃ "કાલે કિયામતના દિવસે જે માણસ અલ્લાહ તઆલાને મુસલમાન બની મળવાનું પસંદ કરે તેણે અઝાનના સમયે નમાઝોની પાબંદી કરવી જોઈએ. અલ્લાહ તઆલાએ પોતાના નબી માટે હિદાયતના રસ્તાઓ નકકી કરેલ છે, આ નમાઝો પણ હિદાયતના રસ્તાઓમાંથી છે, તમો

અગર (જમાઅતથી) પાછળ રહેલ માણસ માફક ઘરમાં નમાઝ પઢશો, તો પોતાના નબીના રસ્તાને છોડી બેસશો. અને જો નબી (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ના રસ્તાને છોડશો તો ગુમરાહ થઈ જશો. જે માણસ સારી પેઠે વુઝૂ બનાવી મસ્જિદ તરફ આવે છે, તો તે પોતાના પ્રત્યેક પગલા પર એક નેકી પામે છે, એનો એક દરજજો વધે છે અને એક ગુનાહ નષ્ટ કરવામાં આવે છે.હમારા જમાનામાં ખુલ્લમ ખુલ્લો મુનાફિક જ નમાઝથી દૂર રહેતો હતો, અહિંયા સુધી કે બિમાર માણસને બે માણસોના સહારે મસ્જિદમાં લાવી સફમાં ઉભો કરી દેવામાં આવતો હતો . *(મુસ્લિમ શ., ૨૩૨)*

મુસલમાનો ! આ સહીહ હદીસો વારંવાર પઢો અને ઉમ્મતની હાલતનું નિરિક્ષણ કરી પોતાની તેમજ બીજાઓની સ્થિતિ સુધારવાની ફિકર કરો અને બીજી તરફ મસ્જિદમાં આવવા વિશે વર્ણન થયેલ સવાબોનું વાંચન કરો.

જમાઅતથી નમાઝ પઢવું એકલા નમાઝ પઢવા કરતા ૨૭ ઘણું વધુ સવાબ ભર્યુ છે. *(બુખારી શ. ૮૯)*

જેણે ઈશાની નમાઝ જમાઅત સાથે પઢી, જાણે એણે અડધી રાત ઈબાદતમાં વિતાવી અને જેણે ફજર જમાઅત સાથે પઢી, તેણે સમગ્ર રાત ઈબાદતમાં પુર્ણ કરી. *(મુસ્લિમ શ. ૨૩૨/૧)*

આમ થોડીક જ હિમ્મતથી વઈદોથી બચાવ થાય અને ઘણા મોટા સવાબથી માલા માલ થઈ જવાય. (અય ! અલ્લાહ તુ સર્વ ઉમ્મતને આ અમલની તવફીક અર્પણ ફરમાવ....આમીન)

## *હઝરત ઉમર (રદિ.)નો પત્ર*

સહાબાએ કિરામ (રદિ.)ને ત્યાં નમાઝની પાબંદી કરવા વિશે નો અંદાજ હઝરત ઉમર (રદિ.)એ પોતાના ગવર્નરોના નામે લખેલા એક પત્રથી થઈ શકે છે; એમાં છે કે : ''તમારુ સૌથી મહત્વનું કાર્ય (મારા મંતવ્ય મુજબ)નમાઝ છે. જેણે પાબંદી સાથે નમાઝની ફિકર

કરી તેણે પોતાના દીનને બચાવ્યો અને જેણે નમાઝ બરબાદ કરી તે દીનના બીજા હુકમોને વધારે બરબાદ કરશે". *(મિશ્કાત ; ૫૯)*

હવે વિચારો કે નમાઝ છોડીને દીનનો બચાવ કઈ રીતે થશે ?

## ***<u>કુર્આન પઢવામાં તજવીદની જરૂરત</u>***

નમાઝની હિફાઝતમાં તેના સર્વે અરકાન, ફરજો, વાજિબો, સુન્નતો તેમજ મુસ્તહબોની કાળજી રાખવાનો પણ સમાવેશ થાય છે; નમાઝના બુન્યાદી અરકાનોમાં એક કુર્આનને પઢવું પણ છે અને કુર્આનને તજવીદથી પઢવું જરૂરી છે; માટે કિરાઅત (કુર્આન પઢવું) દુરૂસ્ત અને સહીહ થયા વિના નમાઝ દુરૂસ્ત થશે નહિં; આ જ કારણે કુર્આન તજવીદ મુજબ સહીહ તરીકાથી પઢી શકાય એટલી તજવીદની તાલીમ જરૂરી છે. જે માણસ આ રીતે સહીહ પઢવા માટે કોશીશ નહિ કરે અને કલામે પાકને ગલત પઢતો રહેશે તો તે ગુનેહગાર ગણાશે અને એની નમાઝ પરિપૂર્ણ પણ કહેવાશે નહિ.

અરબી અત્યંત નાજુક ભાષા છે. અક્ષરનો થોડો જ ઉચ્ચાર બદલાવાથી અર્થમાં ફરેફાર થઈ જાય છે, જેનાથી નમાઝ ફાસિદ થઈ જાય છે. પૂર્વ હનફી ઉલમા આ જ પ્રમાણે ફતવો આપતા હતા.

*(શામીઃ ૪૨૬, ૫૯૨)*

અલબત્ત બાદના ઉલમાએ સહૂલત અને વિશાળતા સામે રાખતાં નમાઝ દુરુસ્ત થઈ જવાનો ફતવો આપે છે, પરંતુ સુધારવાનો પ્રયત્ન નહિ કરે તો માણસ ગુનેગાર ઠરશે.

મવ. અશ્રફ અલી થાનવી (રહ.) ફરમાવે છેઃ યથાશકિત શબ્દોનો સહીહ ઉચ્ચાર અને થોભવા (વકફ)ની એટલી જાણકારી કે યોગ્ય જગાએ થોભાય અને અર્થનો અનર્થ ન થાય; આ બે વાતો તો પૂરે પૂરી વાજિબ છે. *(ઈમ્દાદુલ ફતાવા : ૧/૩૦૫)*

"ضاد" અને "ظاء" માં ફર્ક કરવું એક અઘરી વસ્તુ છે. હઝ. થાનવી (રહ.) આ વિશે ફરમાવે છે : જે લોકો પ્રેકટીસ અને આવડત

ન હોવાના લઈ એમાં ફર્ક નથી કરી શકતા, એમની નમાઝ સહીહ થઈ જાય છે અને આટલું પુરતાં તેમને મા'ઝૂર (અશક્ત) સમજવામાં આવશે. પરંતુ ગુનાહ લાગુ પડવામાં પણ એમને મા'ઝૂર સમજવું જરૂરી નથી.(બલકે શકય છે ગુનેગાર ગણાય.) માટે ઉચ્ચાર સહીહ કરવા માટે પ્રયત્નો કરવા વાજિબ છે.

મતલબ કે "ضاد" અને " ظاء" માં ફર્કની કોશિશ કરવામાં ન આવી, તો નમાઝ દુરુસ્ત થઈ જવા છતાં ગુનેગાર તો થશે જ.

"تاء" અને "طاء" માં, "سین , شین" અને "صاد" માં, "ذال" અને "زاء" માં તથા " عین " અને همزہ" માં, તેમજ " قاف" અને "کاف" માં પઢતી વેળા જો ફર્ક કરવામાં ન આવે (જયારે કે ફર્ક કરવો સહેલો પણ છે) તો એવી સ્થિતિમાં જરૂર ગુનેગાર થશે. શામીમાં છે: العظیم ની જગ્યાએ العزیم ( ظ ની જગ્યાએ ز ) પઢશે તો નમાઝ દુરુસ્ત થશે નહિ, માટે આ મામલા પરત્વે ધ્યાન આપવાની જરૂરત છે. એ માટે જરૂરી છે કે મસ્જિદોમાં કોઈ કારી સાહેબ દ્વારા મોટી વયના લોકો માટે તજવીદ શીખવાની વ્યવસ્થા કરવામાં આવે. અલ્લાહ તઆલા ઉમ્મતને આ કામ કરવાની તોફીક બખ્શે. આમીન.

હરમૈન શરીફૈનમાં આવા હલ્કા જોવા મળે છે, ખુદા કરે આ સિલસિલો દરેક મસ્જિદમાં ચાલૂ થઈ જાય!

એવી જ રીતે નમાઝમાં પઢવામાં આવતી દુઆઓનો ઉચ્ચાર પણ સહીહ હોવો જોઈએ. તજવીદ સાથે કુર્આન શીખવાથી આ હેતુ પણ પૂર્ણ થઈ જશે.

નમાઝમાં જે કુર્આન અને દુઆઓ પઢાય છે, તેનો મતલબ પણ જાણવો જોઈએ, જેના લઈને આપણે અલ્લાહ તઆલાથી શું વાત કરી રહયા છીએ તેનાથી વાકિફ અને જાણકાર થઈ શકીએ છીએ, આનાથી એકાગ્રતા અને ધ્યાન (ખશૂઅ–ખુઝૂઅ) પામવામાં ઘણી જ

મદદ મળે છે, જે નમાઝની રૂહ અને જાન છે; એ વિના નમાઝ કેવળ એક શકિતરહીત ખોખા સમાન છે.

નમાઝ સહીહ તેમજ કબૂલપાત્ર થાય એ માટે નમાઝના મસાઈલ; જેમ કે ફરજો, વાજિબો, સુન્નતો, મુસ્તહબ્બો તેમજ અદબોનું જાણવું જરૂરી છે. અલ્લાહના નબી (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું: "તમોએ જે રીતે મને નમાઝ પઢતો જોયો એ મુજબ જ નમાઝ પઢો. *(બુખારી ૧/૮૮)*

આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ની નમાઝમાં સુન્નત, મુસ્તહબ વગેરે વસ્તુઓ પણ સમાવિષ્ટ હતી. માટે એમાં પણ આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ની પેરવી આવશ્યક છે. આ બાબતોની જાણકારી માટે કોઈ આધારભૂત કિતાબનું વાંચન અને તા'લીમ જરૂરી છે.

અત્રે એવી અમુક બાબતો તરફ ધ્યાન અપાવીએ છીએ, જેમાં સામાન્યરીતે ભૂલો થાય છે.

## *તકબીરે તહરીમા તેમજ કિયામ (નમાઝમાં ઊભા રહેવાની) સહીહ રીત*

- ❑તકબીરે તહરીમા વખતે માથું નમાવવું ન જોઈએ, બલકે માથું સીધું રાખવામાં આવે અને બંને હાથોને કાનો સુધી ઉઠાવવામાં આવે. અમુક લોકો ફકત ઈશારો કરે છે, જે સુન્નત વિરુધ્ધ છે. *(શામી)*
- ❑બંને હાથ ઉઠાવે તે વેળા હથેળીઓનું મુખ કિબ્લા તરફ રાખવામાં આવે. અમુક લોકો હથેળીને કિબ્લા તરફ રાખવાના બદલે પોતાના કાનો તરફ રાખે છે, જે દુરૂસ્ત નથી.
- ❑તકબીરે તહરીમા સમયે હાથ ઉઠાવવામાં આંગળીઓને ન છુટી રાખે ન ભેગી, બલકે પોતાની હાલત પર છોડી દેવામાં આવે.
- ❑અલ્લાહુ અકબર اَللّٰهُ اَكْبَرُ કહયા બાદ બંને હાથોને નીચે લટકાવ્યા વિના દૂંટી નીચે બાંધવામાં આવે. અમુક લોકો પ્રથમ હાથ નીચે

લટકાવે છે અને પછી બાંધે છે, એ ગલત છે. જમણી હથેળીને ડાબી હથેળીની પીઠ પર મૂકી અંગૂઠા અને ટચલી આંગળી વડે (વર્તુળ બનાવી) કાંડાને પકડી લે, બાકીની ત્રણ આંગળીઓને કાંડા ઉપર ફેલાવીને મૂકી આપે, આમ કરવાથી એક સાથે અનેક હદીસો પર અમલ થઈ જાય છે. *(તિરમિઝી)*

❑અમુક માણસો ડાબા હાથને લટકાવી જમણા હાથની આંગળીઓ વડે પકડી રાખે છે, એ સહીહ નથી.

❑એક પગ બીજા પગની નજીક હોય, અને બંનેવના વચમાં ચાર આંગળીઓનું અંતર હોય, એ રીતે ગોઠવવા સૌથી ઉત્તમ છે, આ રીતમાં નમ્રતા વધુ છે, આના લઈને સજદહની હાલતમાં બંને પગની એડીઓને જોડે કરવામાં વધુ હલન–ચલન કરવું નહિં પડે, સજદહમાં એડીઓને જોડે– જોડે રાખવું સુન્નત છે.

*(સહીહ ઈબ્ને ખુઝયમાઃ ૩૨૮/૧, ઈઅ્લાઉસ્સુનનઃ૩૨/૩, શામીઃ ૩૬૪/૧)*

❑કિયામ એટલે કે ઊભા રહેવાની સ્થિતિમાં હલન–ચલન કરવું નહિ. અમુક ઈમામો કુર્આન પઢતી વેળા (નમાઝમાં) હરકત કરે છે, એ દુરૂસ્ત નથી.

❑શરીરનો ભાર બંને પગો પર બરાબર રહે, એ પ્રમાણે ઊભું રહેવું બેહતર છે. કોઈ એક પર વધુ ભાર હોવાના લઈ તે તરફ ઝૂકવું ન જોઈએ.

❑બંને પગ કિબ્લા તરફ સીધા રાખવામાં આવે. આડા–અવળા તેમજ આગળ–પાછળ ન હોવા જોઈએ; બલકે લાઈનમાં સીધા હોવા જોઈએ.

❑ઊભા હોવાની હાલતમાં પોતાની નજર સજદહની જગ્યાએ હોવી જોઈએ. આમ તેમ ન જોવું જોઈએ.

❑પોતાની યથાશકિત ખંજવાળવાથી બચવું જોઈએ. અગર સખત જરૂરત પડે તો કેવળ એક જ હાથને ઉપયોગમાં લઈ ઓછામાં

ઓછી હરકત કરવી જોઈએ.
*(નમાઝેં સુન્નત કે મુતાબિક પઢેં. મુફતી તકી સા. ઉસ્માની, મ.ઝિ.)*

## રૂકૂઅનો સહીહ તરીકો

❑રૂકૂઅની હાલતમાં બંને હથેળીઓ ઘૂંટણ પર મૂકી, આંગળીઓને પહોળી કરી, ઘૂંટણને પકડવું સુન્નત છે. કેવળ હથેળીઓને ઘુંટણ પર મૂકવાથી સુન્નત અદા થતી નથી.

❑માથું, કૂલાં અને પીઠને સમાન સપાટીમાં રાખે. માથાને ન ઉંચુ કરે ન નીચું, બાહુને બગલથી અલગ રાખે અને બગલ સાથે મિલાવે નહિ. હાથને વાંકા ન રાખે બલકે સીધા રાખે.

❑પગ ઘૂંટણ પાસેથી ત્રાંસા ન રાખે, બલકે સીધા રાખે.
*(શામી ; ૩૬૫/૧)*

❑ઈત્મીનાન સાથે રૂકૂઅની હાલતમાં ત્રણવારસુબ્હાન રબ્બિયલ્અઝીમ (سُبْحَانَ رَبِّيَ الْعَظِيْم) પઢે. ત્રણવાર પઢવું સુન્નત છે અને એના કરતાં ઓછુ પઢવું મકરૂહ છે અને એનાથી વધુવાર પઢવું બેહતર છે, એનો ઉચ્ચાર સહીહ તરીકા મુજબ કરવામાં આવે; ખાસ કરીને (ظ) નો ઉચ્ચાર. *(શામી)*

❑રૂકૂઅની હાલતમાં પણ પગ કિબ્લા તરફ હોવા જોઈએ અને બંને પગના ઢેકાઓ એક બીજાની સામસામે એક લાઈનમાં હોવા જોઈએ.

❑રૂકૂઅમાં નજર પગ ઉપર રાખવામાં આવે.
*(નમાઝેં સુન્નતકે મુતાબિક...)*

❑અમુક માણસોને રૂકૂઅમાંથી ઉઠયા પછી બંને હાથ વડે પોતાના કુરતા કમીસના પાછળના દામનને હાથ લગાડવાની અથવા એને બરાબર કરવાની ખોટી ટેવ હોય છે, જરૂરત વિના કેવળ આદત હોવાના લઈ આમ કરે છે, તો એના મકરૂહ હોવામાં કોઈ શંકા નથી, પરંતુ સાથે જ એનાથી નમાઝ ફાસિદ થઈ જવાનો અંદેશો પણ રહે છે, કારણ કે જે કામમાં બંને હાથનો ઉપયોગ થાય, એને

"અમલે કસીર" (જરૂરતથી વધારેનું કામ) ગણવામાં આવે છે. અને "અમલે કસીર"થી નમાઝ ફાસિદ થઈ જાય છે. આ અમલમાં પણ બંને હાથનો ઉપયોગ થાય છે; માટે આનાથી દૂર રહેવાની અતિશય જરૂરત છે. જે કોઈ નમાઝી આમ કરતો જોવા મળે, તેને વિવેક અને વિનય સાથે સમજાવવામાં આવે.

## રૂકૂઅ, સજદહ, કવ્મહ અને જલ્સહને ઈત્મીનાનથી અદા કરવા બાબત

રૂકૂઅથી ઉઠીને ઊભા થવાને "કવ્મહ" અને બંને સજદહના દરમિયાનમાં બેસવાને "જલ્સહ" કહેવામાં આવે છે. રૂકૂઅ, સજદહ, કવમહ તેમજ જલ્સહ, એ ચારેવ અમલોમાં તઅ્દીલ અર્થાત્ ઈત્મીનાન જરૂરી છે. ઈત્મીનાન એવી સ્થિતિને કહેવામાં આવે છે કે ત્યાં પહોંચી શરીરનો દરેક અવયવ સ્થિર થઈ પોતાની જગ્યાએ થોભી જાય. એક વાર તસ્બીહ પઢી શકાય એટલો સમય આ હાલતમાં થોભવું અને સુકૂનથી રહેવું જરૂરી છે. આમાં લોકો બહુ ગફલત વર્તે છે. જે લોકો જાણી જોઈ આમ કરે છે, તેઓ માટે નમાઝ ફરી પઢવી જરૂરી છે કારણ કે આમ કરવાથી એક વાજિબ છૂટી જાય છે. અને જો ભૂલથી આમ થયું હોય તો સજદએ સહવ કરવો જોઈએ અને જો સજદએ સહવ ન કર્યો હોય તો તેણે એક વાજિબના છૂટી જવાના લઈ નમાઝ ફરીથી પઢવી જોઈએ. *(શામી ;૪૩૩/૧)*

આજ–કાલ રૂકૂઅ અને સજદહની તસ્બીહાતનો તો એહતિમામ કરવામાં આવે છે, માટે મોટાભાગના લોકોથી આમાં કોતાહી નથી થતી, પરંતુ કવમહ અને જલ્સહમાં મોટા ભાગના લોકોથી કોતાહી થાય છે, કારણ કે એમાં પઢવા વિશે વર્ણન થયેલ દુઆઓને નાના–મોટા બધા જ પ્રકારના લોકોએ પઢવાની છોડી દીધી છે.

કવ્મહમાં આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) આ દુઆ

પઢતા હતા.

سَمِعَ اللّٰهُ لِمَنْ حَمِدَهُ، اللّٰهُمَّ رَبَّنَا لَكَ الْحَمْدُ مِلأَ السَّمٰوَاتِ
وَ مِلأَ الأَرْضِ وَ مِلأَ مَاشِئْتَ مِنْ شَيءٍ بَعْدُ.

(સમિઅલ્લાહુ લિમન્ હમિદહ્, અલ્લાહુમ્મ રબ્બના લકલ્હમદુ મિલ્અસ્સમાવાતિ વ મિલ્અલ્અર્દિ વ મિલ્અ મા શિઅ્ત મિન્ શય્ઈન્ બઅ્દુ.) *(મુસ્લિમ શરીફ ૧૯૦/૧)*

મુસ્લિમ શરીફમાં આવી જ રિવાયત હઝ. અબ્દુલ્લાહ બિન અવફહ, હઝ. અબૂ સઈદ ખુદરી અને હઝ. ઈબ્ને અબ્બાસ (રદિ.)થી પણ આવી છે  અને આ દુઆના વધુ શબ્દો પણ વર્ણવવામાં આવ્યા છે.

તિરમિઝીમાં હઝ. અલી (રદિ.)થી આ પ્રમાણે દુઆ–હમ્દના શબ્દો વર્ણવવામાં આવ્યા છે:

سَمِعَ اللّٰهُ لِمَنْ حَمِدَهُ، رَبَّنَا وَ لَكَ الْحَمْدُ، مِلأَ السَّمٰوَاتِ
وَ مِلأَ الأَرْضِ و مِلْأَ ما بيْنَهُما وَ مِلأَ مَاشِئْتَ مِنْ بَعْدُ.

*(૧/૬૧)*

તિરમિઝીમાં એક જગ્યાએ આમ પણ છે કે આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) ફર્જ નમાઝમાં ઊભા થતાં પહેલાં આ જ પ્રમાણે દુઆ પઢતા હતા. *(૨/૧૮૦)*

ઈમામ તિરમિઝી (રહ.)ના બતાવવા પ્રમાણે આ હદીસ ''હસન સહીહ'' છે, જેનાથી માલૂમ થાય છે કે ફર્જ નમાઝમાં પણ આ દુઆ પઢી શકાય છે. અબૂ દાવૂદમાં પણ ફર્જ નમાઝમાં પઢવાનું વર્ણન છે.

જલ્સહમાં હુઝૂર (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) આ દુઆ પઢતા હતાઃ

اَللّٰهُمَّ اغْفِرْلِی وَارْحَمْنِی وَ عَافِنِی وَاهْدِنِی وَارْزُقْنِی

(અલ્લાહુમ્મ ગ્ફિર લી વ ર્હમની વ આફિની વહ્દિની વ ર્ઝુકની) *(અબૂદાઉદ; ૧૨૩/૧)*

આ હદીસ તિરમિઝીમાં પણ છે, તેમાં છેલ્લે وَاجْبُرْنِيْ નો વધારો પણ છે. *(તિર્મિઝી શરીફ)* ઈમામ હાકિમ તેમની કિતાબ 'મુસ્તદરક'માં આ હદીસ વિશે લખે છેઃ એની સનદ સહીહ છે. *(૧/૨૭૧).* અલ્લાહ શામી (રહ.) 'હિલ્યહ'નામી કિતાબમાંથી વર્ણન કરે છે આ હદીસને ઈમામ નવવી (રહ.) "હસન" અને ઈમામ હાકિમ (રહ.) "સહીહ" ફરમાવે છે.

કવ્મહ અને જલ્સહમાં આ દુઆઓ પઢવાની પાબંદી કરવામાં આવે, કે આ પણ આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ની સુન્નત છે.

સુન્નત,નવાફિલ તેમજ એકલા પઢવામાં આવતી ફર્ઝ નમાઝમાં આ દુઆઓનું પઢવું કોઈપણ મતભેદ વિના પણ મુસ્તહબ અને સુન્નત છે. ફર્ઝ નમાઝમાં ઈમામ માટે જાઈઝ છે, પરંતુ આજ–કાલ કવ્મહ અને જલ્સહમાં વધુ પડતી કોતાહી અને ગફલતના કારણે ઈમામ માટે પણ આ દુઆઓનું પઢવું મુસ્તહબ છે. અલ્લામહ શામી (રહ.)નું મંતવ્ય પણ આ મુજબ છે. *(શામીઃ ૧/૪૫૫–૪૭૨)*

અલ્લામહ અનવર શાહ કશ્મીરી (રહ.) ફરમાવે છે કે કવ્મહની દુઆઓ સહીહૈન (બુખારી–મુસ્લિમ)માં આવી છે. જયારે કે જલ્સહની દુઆઓ સુનન (તિરમિઝી, અબૂ દાવૂદ...)માં આવી છે. જલ્સહમાં ઈમામ અહમદ (રહ.)ના મંતવ્ય મુજબ એક વાર اَللّٰهُمَّ اغْفِرْ لِيْ પઢવું ફર્જ છે. હું કહું છુંઃ કે હનફી લોકોએ પણ આની પાબંદી કરવી જોઈએ, કારણ કે રૂકૂઅ અને સજદહમાં તસ્બીહાત પઢાતી હોવાથી કોતાહી (ઉતાવળ) નથી થતી, પરંતુ કવ્મહ અને જલ્સહમાં ઘણી કોતાહી થાય છે (કારણ કે લોકો એમાં તસ્બીહાત–દુઆ પઢતા નથી.) માટે જ હું કહું છું કે કવ્મહ અને જલ્સહમાં પણ દુઆઓ–તસ્બીહાતની પાબંદી કરવી જોઈએ. *(ફયૂઝુલ્બારીઃ ૩૦૯/૨)*

કાઝી સનાઉલ્લાહ પાની પતી (રહ)એ પણ જલ્સહમાં ઉપર મજકૂર દુઆઓ પઢવાનું લખ્યું છે. *(માલાબુદ્દ(મુતર્જમ):૬૨)*

ઈન્શાઅલ્લાહ આની પાબંદી કરવાથી નમાઝ સહીહ થઈ જશે.

એક વેળા હઝ. હુઝયફહ (રદિ.)એ એક માણસને એવી રીતે નમાઝ પઢતો જોયો કે તેના રૂકૂઅ અને સજદહમાં ઉણપ હતી, તો તેમણે ફરમાવ્યું કે "તમે સહીહ રીતે નમાઝ પઢી નથી, જો આવી પરિસ્થિતિમાં તમારું મૃત્યુ થશે તો તમે મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ના તરીકા વિરુદ્ધ મરશો." *(બુખારીઃ૧/૧૦૯)*

માટે રૂકૂઅ, સજ્દહ, કવ્મહ અને જલસહને ઘણા જ ઈત્મીનાનથી અદા કરવામાં આવે.

## ***સજદહનો સહીહ તરીકો***

- ❑કવમહથી જયારે સજદહમાં જાય ત્યારે પોતાના સીના (છાતી)ને આગળ તરફ ન નમાવે, બલકે એને સીધો અને ટટ્ટાર રાખે, કેવળ પગને વાંકા કરી જમીન તરફ જવામાં આવે, ઘણા લોકો પ્રથમ છાતી નમાવી સજદહમાં જાય  છે, જેનાથી એક વધારાનો રૂકૂઅ થઈ જાય છે, જે ગલત છે. *(શામી, ૩૩૪/૧)* જયાં સુધી ઘૂંટણ જમીન સુધી ના પહોંચી જાય ત્યાં સુધી ઉપરના ભાગને પોતાની શકિત મુજબ નમાવવાથી પરહેઝ કરવામાં આવે..
- ❑સજદહમાં જતી વખતે પ્રથમ હાથને ઘૂંટણ પર મૂકી પછી ઘૂંટણ જમીન પર મૂકવામાં આવે, ત્યાર બાદ હાથ અને એના પછી કપાળને જમીન પર ગોઠવવામાં આવે, કપાળની સાથે નાક પણ જમીન પર લગાડવામાં આવે. *(સુનને બયહકી ; ૧૦૦/૨, શામી)*
- ❑સજદહમાં હાથને જમીન પર મૂકે ત્યારે આંગળીઓના વચમાં અંતર ન રહે એ રીતે મિલાવીને મૂકવામાં આવે. *(સહીહ ઈબ્ને ખુઝયમહ; ૩૨૪/૧, શામી;૨૫૨/૧)*
- ❑અંગૂઠા સાથે બધીજ આંગળીઓ કિબ્લા તરફ રહે એનો ખાસ

ખ્યાલ રાખવામાં આવે. *(શામી)*

❑સજદહમાં બાઝૂ અને બગલ વચ્ચે અંતર રાખી બગલને ખુલ્લી રાખવામાં આવે, એવીજ રીતે જાંઘને પેટથી અલગ રાખવામાં આવે અને જાંઘ પર પેટ મૂકવામાં ન આવે. (*તિરમિઝી / શામી)*

❑બંને કલાઈઓ જમીન પર ન મૂકે, અલબત્ત કેવળ હથેળી મૂકે અને કલાઈ(કાંડાથી કોણી સુધીના ભાગ)ને જમીનથી ઊંચી રાખે. *(તિરમિઝી)*

❑ફર્ઝ નમાજોમાં કોણીઓને એટલી પહોળી કરવામાં ન આવે જેના લઈને બંને તરફ નમાઝ પઢનારાઓને તકલીફ થાય, બલકે જેટલી ગુંજાઈશ હોય એટલી જ પહોળી કરવામાં આવે.

❑ચહેરાને બંને હાથોની વચમાં એ રીતે ગોઠવવામાં આવે કે અંગૂઠાનો નખવાળો ભાગ કાનની લવ (ટીસી) સામે રહે.

❑સજદહમાં જતી વેળા બંને ઘૂંટણ એક બીજાથી નજીક રાખવા. *(ઈબ્ને ખુઝયમહ : ૩૨૮/૧, ઈઅલાઉસ્સુનન : ૩૨/૩)*

❑બંને પગની આંગળીઓ વાળીને કિબ્લા તરફ કરવી, કેવળ સીધી આંગળીઓ જમીન પર ગોઠવી દેવી સુન્નત વિરુધ્ધ છે; માટે આંગળીઓ કિબ્લા તરફ હોવી જોઈએ. *(બુખારી શરીફ)*

❑અમુક લોકો આંગળીઓને કિબ્લાથી ઉલટી દિશામાં પાછળ તરફ કરી પગની પાટલીઓ જમીન પર મૂકે છે, આ તદ્દન ગલત તરીકો છે.

❑અમુક લોકો સજદહની હાલતમાં પગ જમીનથી ઉંચા રાખે છે અને જમીન સાથે લગાડતા નથી, પૂરા સજદહમાં જો આ રીતે ત્રણ વાર સુબ્હાનલ્લાહ પઢવાના પ્રમાણમાં પગ જમીનથી ઉંચા રહેશે તો નમાઝ થશે નહિ, માટે અત્યંત ધ્યાનથી સુન્નત તરીકા મુજબ સજદહ કરવામાં આવે.

❑સજદહમાં પગની એડીઓને એક બીજાની જોડે રાખવું એ પણ

એક અલગ સુન્નત છે.

*(સહીહ ઈબ્ને ખુઝયમહ;૩૨૮/૧,ઈઅલાઉ ;૩૨/૩)*

❑પગના ઢેકા અને એડીઓને સાથે રાખવામાં આવે અને બંને પગ સીધા રાખી આંગળીઓને કિબ્લા તરફ કરવામાં આવે

❑બંને સજદહમાં રૂકૂઅની માફક ત્રણ વાર سُبْحَانَ رَبِّيَ الأَعْلَىٰ સુબ્હાન રબ્બિી યલ્અઅલા પઢવું સુન્નત છે, એનાથી વધુ પઢવાની ઈજાઝત છે પરંતુ એનાથી ઓછા પ્રમાણમાં ન પઢે.

## *બંને સજ્દાઓ દરમિયાન અને કઅદહમાં બેસવાનો તરીકો*

❑ઉપર બંને સજ્દહની દરમિયાન ઈત્મીનાનથી બેસવા વિશે ભાર દેવામાં આવ્યો છે માટે એનો ખ્યાલ રાખવામાં આવે, જલ્સહમાં પઢવા વિશે બતાવેલ દુઆ પણ પઢે, જલ્સહમાં દુઆ પઢવાથી ઈત્મીનાન આપોઆપ સારી પેઠે અદા થઈ જશે. જલ્સહમાં ડાબા પગને જમીન પર પાથરી એના ઉપર બેસે અને જમણા પગને ઉભો રાખી આંગળીઓને કિબ્લારૂખ કરવામાં આવે.

અમુક લોકો બંને એડીઓને ઉભી રાખી એના ઉપર બેસે છે, જયારે અમુક પગ ઉપર પગ મૂકી એના ઉપર બેસે છે, જે સુન્નત વિરુધ્ધ છે.

❑પહેલા કઅદહ અને બીજા કઅદહમાં બેસવાનો મસ્નૂન તરીકો જલ્સહમાં બતાવવામાં આવેલ બેસવાનાં તરીકા મુજબ છે, અહિંયા કઅદહમાં પણ અમુક લોકો ઉપર દર્શાવવા મુજબ ભૂલ કરે છે, જેનાથી બચવું જરૂરી છે.

❑કઅદહ અને જલ્સહમાં બેસવા બાદ હાથ મૂકવાનો સહીહ તરીકો આ પ્રમાણે છે કે બંને હાથને જાંઘ પર એ રીતે મૂકવામાં આવે કે આંગળીઓ ઘૂંટણ તરફ લટકેલી ન રહે, બલકે કિબ્લા રૂખ રહે એ રીતે મૂકવામાં આવે. (એટલે કે આંગળીઓના છેવટનો ભાગ

ઘૂંટણના પ્રથમ ભાગ સુધી પહોંચે એ રીતે જાંઘ પર મૂકવી જોઈએ.) *(શામી–૧)*

અલબત્ત મુસ્લિમ શરીફની એક રિવાયતમાં હઝ. અબ્દુલ્લાહ બિન ઝુબેર (રદિ.)થી વર્ણન છે કે હુઝૂર (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) પોતાના ઘુંટણને ડાબા હાથનો લુકમહ (કોળિયો) બનાવતા હતા. *(૧/૨૧૬)* એટલા માટે જ અમુક ઉલમાએ કિરામ ફરમાવે છેઃ ડાબા હાથની આંગળીઓને ઘુંટણ પર લટકાવવામાં આવે. ઈમામ તહાવી (રહ.)નો આ જ મઝહબ છે.

*(શામીઃ૧/૩૭૫)*

❑ કઅદહમાં "અત્તહિય્યાત" પઢે અને જયારે પઢતા પઢતા "અશ્હદુ" પર પહોંચે ત્યારે જમણા હાથની વચલી આંગણી અને અંગૂઠો, બંનેને મિલાવી વર્તુળ બનાવે અને નાની–ટચલી આંગળી અને એના સાથેની આંગળીને હથેળીની અંદરના ભાગ તરફ વાળી લેવામાં આવે અને أَشْهَدُ أَنْ لَا પઢતી વખતે શહાદતની આંગળી કિબલા તરફ ઉઠાવી ઈશારો કરવામાં આવે અને જયારે إِلَّا اللّٰه બોલે ત્યારે એને મૂકી દેવામાં આવે, બાકીની આંગળીઓને પહેલાની જેમ યથાવત્ રાખવામાં આવે.

*(રફઉત્તરદ્દુદ ફી અકદિલ્અસાબિઅ ઈન્દ ત્તશહ્હુદ. અલ્લામહ શામી)*

❑ શહાદતની આંગળીને આસ્માન તરફ ઉઠાવવામાં ન આવે, બલકે કિબ્લા રૂખ ઉઠાવવામાં આવે. *(મુફતી મુહમ્મદ તકી સા. ઉસ્માની સા., મ.ઝિ.)*

## *સલામ તેમજ દુઆનો સહીહ તરીકો*

❑ સલામ ફેરવતી વેળા બંને તરફ એટલી હદે ગરદન વાળવામાં આવે કે પાછળના લોકોને ગાલ દેખાવા લાગે.

*(બુખારી શરીફ–મુસ્લિમ શરીફ.)*

❑ જમણી તરફ સલામ ફેરવી મોઢું કિબ્લા તરફ કરવામાં આવે, ત્યાર બાદ કિબ્લાથી મોઢું હટાવી ડાબી બાજુએ સલામ ફેરવવામાં આવે.

અમુક લોકો જમણી તરફ મોઢું રાખીને જ બીજી સલામ શરૂ કરી ડાબી તરફ મોઢું લાવે છે, આ મુજબ કરવું યોગ્ય નથી.

*(મવલાના અબરારુલહક હરદોઈ સા.,મ.ઝિ.)*

- ❑બંને તરફ સલામ ફેરવતી  વખતે તે તરફ મોજૂદ માણસો અને ફરિશ્તાઓને સલામ કરવાની નિય્યત કરવામાં આવે.
- ❑દુઆ વેળા બંને હાથએટલા ઉઠાવવામાં આવે કે તે સીના સામે આવી જાય અને બંને હાથોની વચમાં થોડુંક અંતર રાખવામાં આવે. એક બીજા સાથે મેળવી ન આપે તેમજ એક હાથને બીજા હાથ પર અથવા મોઢા પર મૂકવામાં ન આવે. *(આલમગીરીઃ ૩૧૮/૫)*

## લિબાસની ઈસ્લાહ

નમાઝમાં સતર છુપાવવું ફર્ઝ છે, એના સાથે સાથે બીજી અમુક વાતોનો ખ્યાલ રાખવો પણ જરૂરી છે. મર્દ રેશમ તેમજ સજીવ વસ્તુના ફોટાવાળો પહેરવેશ ન પહેરે, મર્દનો કુર્તો, પાયજામો, લૂંગી અથવા પેન્ટ પગના ઢેકાથી નીચે રહેવો જોઈએ નહિ, પગના ઢેકાથી નીચે સુધી લટકતું  કપડું પહેરી નમાઝ પઢવી મકરૂહે તહરીમી છે.

એક વેળા એક સહાબી (રદિ.)એ નમાઝ પઢી, તેઓનો પાયજામો અથવા લૂંગી ઢેકાથી નીચે સુધી હતી, નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ એવણને નમાઝ અને વુઝૂ બંનેને ફરીથી બજાવી લાવવાનો આદેશ આપ્યો અને જયારે આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)થી પૂછવામાં આવ્યું કે આપે ફરીથી વુઝૂ કરવાનો શા માટે હુકમ આપ્યો ? તો આપ ( સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ )એ  ફરમાવ્યું : એણે લૂંગી પગના ઢેકાથી નીચે રાખી નમાઝ પઢી હતી અને જે આમ કરે છે તેની નમાઝ કબૂલ નથી થતી. *(અબૂદાવુદ શરીફઃ  મિશ્કાત ; ૭૩)*

આનાથી માલૂમ પડે છે કે તેઓ બીજીવાર આવી ભૂલ ના કરે; એટલા માટે સજા અર્થે આપ (સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ)એ તેને

ફરીથી વુઝૂ કરવાનો હુકમ આપ્યો. અને આવી નમાઝ મકરૂહ થાય છે તથા બારગાહે ઈલાહીમાં કબૂલ થતી નથી, માટે ફરીથી નમાઝ પઢવાનો હુકમ અપાયો.

આ મઝમૂન ઘણી હદીસોમાં આવ્યો છે કે જે માણસ તકબ્બુર–અભિમાનના લઈને ઈજાર–પાયજામો, (પેન્ટ, લૂંગી)ને પગના ઢેકાથી નીચે રાખે છે, એના તરફ અલ્લાહ તઆલા કયામતના દિવસે (તેનાથી નારાજ હોવાના લઈ) રહમ–દયાની નજરથી જોશે નહિં.

*(મિશ્કાત ; ૩૭૩)*

અમુક લોકો નું કહેવું છે કે "અમો તકબ્બુરના લઈને આમ નથી કરતા અને આ વિશે બુખારી શરીફ કિતાબુલ્અદબમાં વર્ણન થયેલ હઝરત અબૂબક્રના કિસ્સાથી દલીલ કરે છે. (તો યાદ રાખો) આ બહુજ મોટો ધોકો છે, હઝરત અબૂબક્ર (રદિ.)એ તો ફરમાવ્યું હતું કે "જયારે મને ખ્યાલ નથી રહેતો એ વેળા લૂંગી ઢીલી પડી જયા કરે છે." તો આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે "તમે એ લોકોમાંથી નથી જેઓ પોતાની લૂંગી (ઈરાદાપૂર્વક) ઢેકાથી નીચી રાખે છે." આનાથી સ્પષ્ટ થાય છે કે જાણીબૂજીને કરવા અને અજાણતાથી નીચે થઈ જવામાં બહુ મોટો તફાવત છે. પાયજામા અને પેન્ટને લાંબુ સીવડાવવું અને પગના ઢેકાથી નીચું પહેરવું એ તો જાણીબૂજીને જ કરવામાં આવે છે, જે નાજાઈઝ છે. આમાં હઝરત અબૂબક્ર (રદિ.)ના બનાવને દલીલ રૂપે રજૂ કરવો નફસનું બહુ મોટું બહાનુ છે. તકબ્બુર એવો રોગ છે, જેનો માણસને એહસાસ નથી થતો, સુફિયાએ કિરામ તો ફરમાવે છે કે "આ રોગ અતિ મુશ્કેલીથી દૂર થાય છે, એના માટે કોઈ અલ્લાહવાળાના જોડા–પગરખાં સીધા કરવા પડે છે."

હઝરત અબૂબક્ર (રદિ.) દુબળા–પાતળા હતા, જયારે બેસીને ઉઠતા હશે ત્યારે ઈજાર ઢીલી થઈ નીચે ઉતરી જતી હશે, એ વિશે

એમણે પુછયું હતું, તેઓ ઈરાદાપૂર્વક આમ કરતા ન હતા.

અગર થોડીવાર માટે માની લેવામાં આવે કે આજ–કાલ ઢેકાથી નીચું કપડું પહેરનાર ભાઈઓ આ કૃત્ય તકબ્બુર (અભિમાન)ના લઈ નથી કરતા, તો પણ આમ કરવાથી મુતકબ્બિર (અભિમાની) લોકોની સાથે મુશાબહત (એકરૂપતા–સામ્યતા) તો થાય જ છે અને એવા લોકો સાથે મુશાબહત પણ કોઈ નાની વાત નથી, હદીસ શરીફમાં આવ્યું છે કે "જે માણસ કોઈ કોમથી મળતાપણું અપનાવશે તે તેમનામાંથી જ છે.'*(અબૂદાવુદઃ ૫૫૯)* તો પછી શું મુતકબ્બિર–અભિમાની સાથે મુશાબહત અને સામ્યતા અપનાવવી સારી વાત છે!

વાસ્તવમાં આ પ્રકારનો અમલ તકબ્બુરના લઈને જ થાય છે, પરંતુ માણસને એનો  એહસાસા થતો નથી. એક હદીસ શરીફમાં આવ્યું છે કે આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ એક સહાબી (રદિ.)ને કહયુંઃ "લૂંગીને (પગના ઢેકાથી) નીચી રાખવાથી બચો, એટલા માટે કે આ અમલ તકબ્બુર અને અભિમાનના લઈને હોય છે, અને અલ્લાહ તઆલા તકબ્બુરને પસંદ નથી ફરમાવતા."

*(મિશ્કાતઃ ૧૬૯)*

એક હદીસ શરીફમાં આવ્યું છેઃ "જે કપડું પગના ઢેકાથી નીચે હશે તે જહન્નમમાં જશે." *(મિશ્કાતઃ ૩૭૩)*

કપડું તો દુન્યામાં જ ઉતારી લેવામાં આવે છે માટે એનો મતલબ એ છે કે આવું કપડું પહેરનારો જહન્નમમાં જશે.

હદીસ શરીફમાં વર્ણન છે કે " જેના દિલમાં રાઈ બરાબર પણ ઘમંડ હશે, તે જન્નતમાં નહિ જઈ શકે." *(તિર્મિઝી શરીફ : ૨૦/૨)*

માટે આ તરફ અતિશય ધ્યાન આપવાની જરૂરત છે, આ વિશે ઘણીજ  બેદરકારી અને કોતાહી વર્તવામાં આવે છે.

આ મનાઈ હુકમ દરેક હાલતમાં (ચાહે તે નમાઝમાં હોય કે નમાઝ બાહર) લાગુ પડે છે. જયારે અલ્લાહ તઆલાને આ હાલત જ

પસંદ નથી તો આ હાલતમાં નમાઝ કેવી રીતે કબૂલ થાય ! ઘણા લોકોને જોવામાં આવે છે કે તેઓ નમાઝના સમયે પાયજામા અથવા પેન્ટને વાળી લે છે, નમાઝ પૂરી થયા બાદ એને નીચે લટકાવી દે છે અને નમાઝ સિવાય અન્ય હાલતમાં ઢેકાથી નીચે રાખે છે. આવા લોકોએ જાણી લેવું જોઈએ કે આવું કામ અલ્લાહ તઆલાને જયારે દરેક જ સમયે ના પસંદ છે, તો પછી આપણે નમાઝની બહાર અલ્લાહની નારાજગીને કેમ કરી સહન કરીએ છીએ !

વિચારો તો ખરા કે જો આવી જ હાલતમાં મોત આવી પડે તો શું થાય! અલ્લાહ તઆલા અમારી હિફાઝત ફરમાવે. આમીન.

## *ખુલ્લા માથે અથવા અડધી બાંય રાખી નમાઝ પઢવી*

નમાઝની હાલતમાં શરઈ હુકમ મુજબ સુંદર વસ્ત્રો પહેરવા જરૂરી છે. અલ્લાહ તઆલાનો ઈરશાદ છે કે

﴿ يٰبنى آدم خذُوا زِيُنَتَكُمُ عِنُدَ كل مسجد ﴾

(હે અવલાદે આદમ ! દરેક નમાઝ વખતે પોતાની સુંદરતા અપનાવો)

હઝરત મુફતી મુહમ્મદ શફીઅ સા. (રહ.) આ આયતે કરીમાના સંદર્ભમાં લખે છેકેઃ "આનાથી સમજાય છે કે નમાઝ વેળા કેવળ સતર છુપાવવું જ મકસૂદ નથી, બલકે સુંદરતા (ઝીનત) ઈખ્તિયાર કરવી પણ મકસૂદ છે. આ જ કારણે માણસ માટે ખુલ્લા શિરે અથવા કોણી યા ખભા ખુલ્લા રાખી નમાઝ પઢવી મકરૂહ છે. ચાહે તે કમીસની બાંય અડધી હોવાથી અથવા તેને ચઢાવી લેવાના કારણે હોય, દરેક હાલતમાં નમાઝ મકરૂહ છે. એવી જ રીતે એવા પોષાકમાં પણ નમાઝ મકરૂહ છે, જેને પહેરીને પોતાના દોસ્તો તેમજ સામાન્ય લોકોની સમક્ષ જતાં શરમ અનુભવે. દા. ત. કમીસ વિના કેવળ ગંજી પહેરવું ચાહે તે બાંયોવાળું હોય.

માથું, ખભો અને કોણી ખોલીને નમાઝ પઢવાનું મકરૂહ હોવું કુર્આનના શબ્દ (زِينَة)"ઝીનત" થી પણ ફલિત થાય છે અને આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ના ફરમાનોથી પણ.

*(મઆ. કુર્આનઃ૫૪૪/૩)*

હઝરત હસન બસરી (રહ.) નમાઝ વેળાએ પોતાના સૌથી ઉત્તમ કપડાં પહેરતા હતા અને ફરમાવતા હતા કે અલ્લાહ તઆલા સુંદરતા– જમાલને પસંદ ફરમાવે છે અને એ વાતના સમર્થનરૂપે મજકૂર આયત પઢતા હતા. *(દુર્રે મુખ્તાર ૫૯૯/૧)*

## ચુસ્ત લિબાસ પહેરીને નમાઝ પઢવી

એવા ચુસ્ત અને તંગ લિબાસમાં નમાઝ પઢવી કે જેના લઈ શર્મગાહની શકલો–સૂરત ઉભરી આવતી હોય, એ સતર છૂપાવવાના હુકમની બિલ્કુલ વિરુધ્ધ છે, માટે આવા લિબાસમાં નમાઝ પઢવી જોઈએ નહિ. બલકે આવા લિબાસમાં લોકોના સમક્ષ પણ જવું જોઈએ નહિ. *(અહસનુલ ફતાવા–૪૦૩/૩)*

## તસવીર વાળા કપડામાં નમાઝ

એવા કપડામાં નમાઝ પઢવી મકરૂહ છે, જેમાં કોઈ સજીવની તસવીર–છબી બનેલી હોય. *(૬૦૬/૧ શામી)*

## નકશીવાળા કપડામાં નમાઝ

એવું કપડું જેના ઉપર આંખે ઉડીને વળગે એવું નકશીકામ કરેલ હોય, તેવું કપડું પહેરી નમાઝ પઢવી પણ મકરૂહ છે, કેમકે એના લઈને પોતાની અથવા બીજા નમાઝીની નજર પડતાં તે એને જોવામાં મગ્ન થઈ જશે, જેનાથી અલ્લાહ તરફ ધ્યાન કેન્દ્રિત થવામા ભંગ પડશે અને આ વાત ખુશૂઅ (એકાગ્રતા અને એકચિત્ત થવા)ના વિરુધ્ધ છે, માટે આવા કપડાંમાં નમાઝ પઢવી મકરૂહ છે.

એક વેળા એક સહાબીએ આપ (સલ્લલ્લાહુ અલયહિ વ

સલ્લમ)ને નકશીવાળી ચાદર ભેટ રૂપે પેશ કરી, આપે એમાં નમાઝ પઢી, નમાઝ પૂર્ણ થતાં જ આપે એને ઉતારી નાખી અને ફરમાવ્યુંઃ "આ ચાદર મને ગાફિલ કરી દેવાના નજીક હતી, એને અબૂ જહમ (રદિ.)ને પાછી આપી આવો અને એવણની અંબજાની ચાદર (જે નકશી વગરની સાદી છે તે) લઈ આવો".

*(બુખારી શ.,મુસ્લિમ શ., મિશ્કાત શ. : ૭૨)*

આનાથી જાણવા મળ્યું કે જે વસ્તુ, કપડું અથવા મુસલ્લો નમાઝીની નજરને આકર્ષિત કરી તેનું ધ્યાનભંગ કરે એનો ઉપયોગ નમાઝની હાલતમાં યોગ્ય નથી, બલકે મકરૂહ છે. *(શામી : ૫૯૩/૧)*

## નમાઝીની ઝાહિરી શકલ – સૂરત

અલ્લાહ તઆલા પોતાને પસંદ શકલો–સૂરતમાં પોતાના બંદાઓને જોવાનું પસંદ કરે છે, માટે જે માણસની દાઢી મૂંડાવેલી હોય અથવા કતરાવવાના લઈને એક મુઠ્ઠીથી ઓછી થઈ ગઈ હોય અથવા મૂંછો એટલી હદે વધી ગઈ હોય કે એના વાળ હોંટ ઉપર આવી ગયા હોય એવા માણસ તરફ અલ્લાહ તઆલા કેવી રીતે ધ્યાન આપશે !!!

એક વેળા આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ની ખિદમતમાં બે એલચીઓ આવ્યા, જેમની દાઢી મૂંડેલી હતી, જેના લઈને આપે નારાજગી દર્શાવી અને તેઓને જોવાનું પણ પસંદ કર્યુ નહિ. આ કિસ્સાને હઝરત શયખુલ હદીસ મવલાના ઝકરિય્યહ સા. (રહમતુલ્લાહિ અલયહિ)એ પોતાની કિતાબ "દાઢી કા વુજૂબ "માં રજૂ કર્યો છે, કે જયારે અલ્લાહના રસૂલ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ને આ શકલ–સૂરત પસંદ નથી તો અલ્લાહ તઆલાને કેવી રીતે પસંદ હોય શકે ! નમાઝ વડે માણસ અલ્લાહ તઆલાની રહમતને પોતાના તરફ કેન્દ્રિત કરવા ઈચ્છે છે, પરંતુ આવી નારાજગીની સૂરતમાં રહમતે ખુદાવંદી કેવી રીતે કેન્દ્રિત થઈ શકે છે?

## *ખુશૂઅ અને ખુઝૂઅ*

### *"ઝાહિરી અને બાતિની રીતે નમાઝમાં એકાગ્રતા અને ધ્યાન રાખવું"*

આજે આપણી નમાઝોમાં સૌથી વધુ ખોટ ખુશૂઅ અને ખુઝૂઅની જ છે, હાલાંકે નજાત અને કામિયાબીનો વાયદો તે માણસ માટે જ છે, જેની નમાઝમાં આ બંને વસ્તુઓ હોય, અલ્લાહ તઆલા ફરમાવે છે :

﴿ قد افلح المؤمنون الذين هُم فی صلوتهم خاشعون . ﴾

''કામ્યાબ તે લોકો છે જેઓ પોતાની નમાઝમાં ખુશૂઅ અપનાવે છે.'' *(સૂ.મૂઅમિનૂન)*

ખુશૂઅ ઉત્પન્ન કરવા માટેનો તરીકો આ પ્રમાણે છે કે પોતાની દરેક નમાઝને છેલ્લી નમાઝ સમજે. આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યુંઃ

صل صلاة مودع

''રૂખ્સત કરવાવાળાની માફક નમાઝ પઢો.'' *(મિશ્કાતઃ ૪૪૫)*

એવી જ રીતે વિચારો કે ખબર નહિ હવે પછી નમાઝ પઢવાનો અવસર પ્રાપ્ત થશે કે નહિં, તેમજ આ વાતનું મનન કરી નમાઝ પઢવા ઊભા થાવ કે હું મહાન પરવરદિગારના સમક્ષ હાજરી આપી રહયો છું, જે મારા દિલો દિમાગના વિચારો જાણે છે; કેમકે તે દિલની છૂપી વાતોને પણ જાણે છે. એવી જ રીતે વિચારો કે જો હું અલ્લાહ તરફ દિલપુર્વક ધ્યાન નહિ આપું તો અલ્લાહ તઆલા મારી તરફ કેવી રીતે ધ્યાન ફરમાવશે? એવી જ રીતે દિલમાં આ વાત લાવે કે હું અલ્લાહનો મોહતાજ છું અને તે મારો મોહતાજ નથી.

હઝ. મવ. અશ્રફ અલી થાનવી (રહ.) ફરમાવે છેઃ ખુશૂઅ સુકૂન –સ્થિરતાનું નામ છે, નમાઝમાં શરીરના અવયવોની સ્થિરતા પણ મતલૂબ (ઈચ્છનીય) છે અને તે આ રીતે પ્રાપ્ત થાય છે કે કોઈ

જરૂરત વિના ઈરાદાપુર્વક હાથ પગ બેકાર હલાવવામાં ન આવે, ગરદન અને નજર આમ તેમ ન ફેરવે, માથું ઉચું ન કરે, બાલ અને કપડાંને વારંવાર ઠીકઠાક ન કરે, જરૂરત વિના શરીર ન ખંજવાળે અને ન ખોંખારો ખાય.

દિલનો ખુશૂઅ આ છે કે તે અલ્લાહ તઆલા તરફ એકચિત્ત રહે, એટલે કે પોતે ઈરાદાપુર્વક કોઈ વસ્તુનો વિચાર ના કરે, જો ઈરાદા વગર કોઈ વસ્તુનો વિચાર આવે તો એ ખુશૂઅ વિરુદ્ધ નહિ ગણાય. આ વિગતથી માલૂમ પડયું કે ખુશૂઅ એક ઈખ્તિયારી અમલ છે, વાસ્તવમાં આ અશકય અમલ નથી, અલબત્ત ખુશૂઅના અમલ માટે ઈરાદો કરવાની અને ધ્યાન દેવાની જરૂરત છે.

ખુશૂઅ પ્રાપ્ત કરવાનો સરળ ઉપાય આ છે કે નમાઝમાં મોઢેથી પઢવાની વસ્તુઓમાંથી જે શબ્દ અદા થાય તે માત્ર રટણરૂપ અદા ન થાય બલકે નમાઝી દરેક શબ્દને ઈરાદાપૂર્વક ધ્યાનથી પઢે. જયારે દરેક શબ્દ ઈરાદા અને ધ્યાનથી પઢવામાં આવશે તો બીજા વિચારો આપો આપ દૂર થઈ જશે. પહલેથી છેલ્લે સુધી જો આ પ્રમાણે ધ્યાનપુર્વક નમાઝ પઢવાની તકેદારી રાખશે તો ઈન્શાઅલ્લાહ પ્રથમ તો નમાઝમાં કોઈ બીજા વિચાર આવશે નહિં, અને આમ છતાં જો કોઈ બીજા વિચાર આવી જાય તો એ ફિકરમાં ન પડે કે આ તો વિચારો આવવા લાગ્યા; કારણ કે નમાઝમાં એવી ફિકર પણ નમાઝથી હટેલી ફિકર છે, બલકે ઉપરોકત ઉપાય ફરી ચાલુ કરી દે. ઈન્શાઅલ્લાહ બીજા વિચારો બંધ થઈ જશે.

*(ઈસ્લાહે ઈન્કિલાબઃ ૧૧૪)*

અગર કોશિશ કરવા છતાં નમાઝમાં ખુશૂઅ –ખુઝૂઅ (એકાગ્રતા અને ધ્યાન)પેદા ન થાય તો પણ નમાઝ ન છોડવી જોઈએ. ઉપર મુજબ ખુશૂઅ પ્રાપ્ત કરવાનો પ્રયાસ ચાલુ રાખવો જોઈએ, જો ખુશૂઅ પ્રાપ્ત ન થવાના કારણે નમાઝ છોડી આપી તો ફર્ઝ માથા પર બાકી રહેશે. યાદ રાખવામાં આવે કે શયતાન દરેક

રીતે ગુમરાહ કરવા ચાહે છે. કદી દિલમાં એવો વિચાર લાવે છે કે તમારી આવી ખુશૂઅ–ખુઝૂઅ વગરની નમાઝનો શું ફાયદો? તમારા માટે આવી ખુશુઅ વગરની નમાઝ છોડવામાં કોઈ વાંધો નથી. પરંતુ ખૂબ યાદ રાખો કે આવા વિચારો છતાં પણ નમાજ પઢવી ફર્જ જ છે. ચાહે નમાઝમાં દિલ લાગે કે ન લાગે. અલબત્ત વિચારોને કારણે આમ તેમ ધ્યાન જતું રહેવાથી નમાઝમાં કોતાહી થાય તો તવબહ ઈસ્તગફાર કરતો રહે અને સારી રીતે નમાઝ પઢવાનો ઈરાદો કરે. ઈન્શાઅલ્લાહ નમાઝ ધીરે ધીરે સારી અને સહીહ થઈ જશે.

## ***ઘરવાળાઓની નમાઝ પ્રત્યે ચિંતિત રહેવું***

પોતે નમાઝની પાબંદી કરવાની સાથે સાથે પોતાના સગા સ્નેહીઓ, સંબંધીઓ, બાલબચ્ચાઓ, ભાઈ બહેનો, પડોશી વગેરેને નમાઝની ટેવ પાડવાની અને પાબંદ બનાવવાની કોશીશ કરતો રહે, એવણને એના તરફ ઉત્સાહિત કરે, ઈસ્લામે પૂરી ઉમ્મત બલકે પૂરી ઈન્સાનિય્યતની ઝિમ્મેદારી દરેક ઉમ્મતી પર લાદેલી છે. ખુદ આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ને અલ્લાહ તઆલાએ આદેશ આપ્યો છે કે :

﴿و امر أهلك بالصلوة و اصطبر عليها﴾

"પોતાના ઘરવાળાઓને નમાઝનો હુકમ કરો અને પોતે એના ઉપર દઢ્તાથી વળગી રહો." *(સૂ. તા હા)*

અન્ય એક જગ્યાએ છે:

﴿يا ايها الذين امنوا قوا انفسكم و اهلكم ناراً﴾

"એ ઈમાનવાળાઓ પોતાને અને પોતાના ઘરવાળાઓ (સગા સ્નેહીઓ)ને જહન્નમની આગથી બચાવો" *(સૂ. તહરીમ)*

માટે પ્રત્યેક મુસલમાનને આ ઝિમ્મેદારીનું ભાન હોવું જોઈએ. એક હદીસમાં આવ્યું છે કે :

﴿كلكم راع و كلكم مسؤل عن رعيته﴾

''તમારામાંથી દરેક પોતાના માતહતનો (હાથ નીચેના માણસોનો)નિગરાન અને નિરક્ષક છે અને દરેક થી પોતાના માતહત લોકો વિશે સવાલ કરવામાં આવશે.'' *(બુખારી શરીફ: ૧૦૫૭)*

અલ્લાહ તઆલા સઘળી ઉમ્મતને અને ખાસ કરીને અમોને આ ઝિમ્મેદારીની ફિકર અતા ફરમાવે.

اللهم اهدنا فيمن هديت و عافنا فيمن عافيت و تولنا فيمن توليت و
بارك لنا فيما أعطيت و صل الله على النبى الكريم وعَلى آله و
اصحابه اجمعين و الحمد لله اولا و آخرا.

ફઝલુર્રહમાન આ'ઝમી
આઝાદવેલ , દક્ષિણ આફ્રિકા
૨૧, રજબ ૧૪૧૧ હિ.
૭, ફેબ્રુઆરી ૧૯૯૧ ઈ.

# ઓરતોની નમાઝ

ઓરતોની નમાઝ અને મર્દોની નમાઝમાં થોડો તફાવત છે; માટે અહિંયા તેઓની નમાઝની રીત લખવામાં આવે છે, અને તેઓની નમાઝ સહીહ કરવા બાબત ધ્યાન દોરવામાં આવે છે.

(૧)ઓરતે નમાઝ શરૂ કરતાં પહેલાં આ વાતનો સંતોષ કરી લેવો જોઈએ મોઢું, પગ અને બંને હાથ સિવાય તેનું સમગ્ર બદન કપડા વડે છૂપાયેલું છે કે નહિ .

અમુક ઓરતો પોતાના માથાના વાળ, કાન ખુલ્લા રાખીને નમાઝ પઢે છે, અમુક પોતાની કલાઈ ખુલ્લી રાખીને તો અમુક વાળ દેખાય એવા બારીક દોપટ્ટા–ઓઢણીમાં નમાઝ પઢે છે, આ બધા જ તરીકા ના જાઈજ છે.

જો નમાઝ દરમિયાન મોઢું, હાથ અને પગ છોડીને બદનના છૂપાવવા પાત્ર કોઈ પણ અવયવનો ચોથો ભાગ ત્રણ વાર સુબ્હાન રબ્બિયલ અઝીમ سبحان ربي العظيم કહી શકાય એટલી વાર ખુલ્લો રહેશે, તો નમાઝ થશે નહિં અને જો એનાથી કમ સમય અથવા ચોથા ભાગથી ઓછી માત્રામાં બદનનો કોઈ ભાગ ખુલ્લો રહેશે, તો નમાઝ તો થઈ જશે, પરંતુ મકરૂહ થશે અને ગુનાહ લાગુ પડશે.

(૨)ઓરત માટે ઘરના સૌથી અંદરના ખૂણામાં નમાઝ પઢવું બેહતર છે અને ઓરડામાં નમાઝ પઢવી વરંડામાં નમાઝ પઢવા કરતા બેહતર છે,જયારે કે વરંડામાં નમાઝ પઢવું આંગણામાં નમાઝ પઢવા કરતાં બેહતર છે.

(૩)ઓરત નમાઝ શરૂ કરતી વખતે દોપટ્ટામાં હાથ રાખી કેવળ ખભા સુધી હાથ ઉઠાવે, કાન સુધી હાથ ન ઉઠાવે અને દોપટ્ટાથી બહાર પણ ન કાઢે. *(બેહિશ્તી ઝેવર)*

(૪)ઓરત સીના પર હાથ એ રીતે બાંધે કે જમણા હાથની હથેળી

ડાબા હાથની હથેળીની પીઠ પર મૂકે. બંને હાથની આંગળીઓ એક બીજાથી ખૂબ જ મિલાવીને રાખે. (ઓરતે જમણા હાથથી ડાબા હાથના કાંડાને પકડવાનું નથી, આ રીતે પકડવું એ મર્દોનો તરીકો છે. *(તહતાવી અલલ્-મરાકી ; ૧૪૧)*

(૫)ઓરત બંને પગોને એક બીજા સાથે મિલાવી ઊભી રહે અને બંને પગોના વચમાં અંતર ન રાખે, રૂકૂઅમાં પણ આ મુજબ પગ રાખે. *(મુફતી મુહમ્મદ તકી સા. ઉસ્માની, મ.આ.,– બેહિશ્તી ઝેવર)*

(૬)નમાઝની નિય્યત કર્યા બાદ અલ્લાહુ અકબર કહી બંને હાથોને છાતી પર મૂકયા પછી દુઆએ ષના પઢે અને પછી અઉઝુબિલ્લાહ અને બિસ્મિલ્લાહ પઢી અલ્હમ્દુ શરીફ પઢે અને و لا الضالين પઢયા બાદ આમીન કહે, પછી બિસ્મિલ્લાહ પઢીને કોઈ સૂરત પઢે, ત્યાર બાદ અલ્લાહુ અકબર કહી રૂકૂઅમાં જાય.

(૭)ઓરત રૂકૂઅમાં પોતાના ઘૂંટણ પકડી શકે, એટલું જ પોતાના બદનને નમાવે (મર્દની જેમ પીઠને બિલ્કુલ સીધી ન કરે, તેમજ બંને હાથની આંગળીઓને ઘુંટણો પર ખુલ્લી ન રાખે, બલકે પરસ્પર ભેગી કરી ઘૂંટણ પર મૂકી આપે.

*(તહતાવી :૧૪૧, બેહિશ્તી ઝેવર.)*

(૮)રૂકૂઅમાં ઓરત બાહોને પેહલુ સાથે ખૂબ જ મિલાવે અને બંને પગની ઘુંટીઓને પણ મીલાવીને રાખે. એટલે કે કોઈ અંતર વગર જોડે જોડે રાખે. *(તહતાવી, બેહિશ્તી ઝેવર)*

(૯)ઓરતે રૂકૂઅની હાલતમાં પગને એકદમ સીધા ન રાખવા જોઈએ; બલકે ઘૂંટણને થોડા આગળના તરફ વાંકા કરી નમેલું રહેવું જોઈએ. *(શામી ; મુફતી મુહમ્મદ તકી ઉસ્માની ,મ.ઝિ.)*

(૧૦)રૂકૂઅમાં ત્રણ યા પાંચ વાર سُبْحَانَ رَبِّيَ الْعَظِيْم "સુબ્હાન રબ્બિયલ્ અઝીમ" પઢે . અહીંયા (ظ) નો ઉચ્ચાર સહીહ કરે, ત્યાર બાદ (سَمِعَ اللّٰهُ لِمَنْ حَمِدَهٗ) "સમિઅલ્લાહુ લિમન્

હમિદહ" કહેતાં માથું ઉઠાવે અને ઈત્મિનાનથી ઊભી રહે અને ઊભા રહેવાની સ્થિતિમાં "રબ્બના લકલ્ હમ્દુ હમદન્ કષીરન તય્યિબન્ મુબારકન્ ફીહી" પઢે અથવા આ દુઆ પઢે :

رَبَّنَا لَكَ الْحَمْدُ مِلْأَ السَّمٰواتِ وَ الْأَرْضِ وَ مِلْأَ مَابَيْنَهُمَا وَمِلْأَ مَا شِئْتَ مِنْ شَيٍّ بَعْدُ (બુખારી શરીફ)

(૧૧)ઓરતોએ સજદહ એ રીતે કરવો કે પેટ જાંઘોથી અને બાહો પડખાથી મળી જાય અને બંને કલાઈઓને જમીન પર બીછાવી (પાથરી) આપે. *(બેહિશ્તી ઝેવર)*

(૧૨)બંને હાથોના વચમાં માથું મૂકે, એવી જ રીતે નાક અને પેશાની બંનેને ઝમીન પર મૂકે, હાથની આંગળીઓ અંગૂઠા સહિત કિબ્લા તરફ કરે.

(૧૩) બંને પગ જમણી તરફ કાઢે અને તેને ઊભા ન રાખે અલબત્ત આંગળીઓ કિબ્લા તરફ રાખે અને ત્રણ યા પાંચ વાર "સુબ્હા રબ્બિયલ્ અઅ્લા"( سُبْحَانَ رَبِّي الأَعْلٰى ) પઢે.

(૧૪)ત્યાર બાદ અલ્લાહુ અકબર કહી સજદહથી માથું ઉઠાવી ઈત્મીનાનથી ડાબી સુરીન (થાપુ) જમીન પર ગોઠવે, બંને પગોને જમણી બાજુ બહાર કાઢી લે, જમણી જાંઘને ડાબી જાંઘ પર મૂકે અને જમણી પીંડલીને ડાબી પીંડલી પર મૂકે.
*(તહતાવી અલલ્મરાકી : ૧૪૬/૨, બેહિશ્તી ઝેવર)*

(૧૫)બંને હાથોને પોતાની જાંઘ પર મૂકે અને આંગળીઓને ખૂબ મિલાવેલી રાખે. ઓરતો રૂકૂઅ,સજદહ, જલ્સહ અને કઅ્દહમાં આંગળીઓ બંધ રાખે અને તેમની દરમિયાન અંતર ન રાખે. (જયારે કે મર્દો માટે રૂકૂઅમાં આંગળીઓ ખુલ્લી રાખવાનો અને સજદહમાં મિલાવીને રાખવાનો તેમજ બાકી હાલતોમાં પોતાની હાલત પર છોડી દેવાનો હુકમ છે, એટલે કે ન આંગળીઓ મિલાવે અને ન ખુલ્લી રાખે.)

(૧૬)બંને સજદહની વચમાં એટલે કે જલ્સહની હાલતમાં આ

દુઆ પઢે:

﴿اَللّٰهُمَّ اغْفِرْلِي وَارْحَمْنِيْ وَعَافِنِيْ وَاهْدِنِيْ وَارْزُقْنِيْ وَاجْبُرْنِيْ﴾

"અલ્લાહુમ્મગ્ફિર્લી વર્હમ્ની વ આફિની વહ્દિની વર્ઝુક્ની વજ્બુર્ની"

આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) આ દુઆ પઢતા હતા.
*(તિરમિઝી, અબૂદાવુદ, હાકિમ)*

ફર્ઝ અને નફલ દરેક નમાઝમાં આ દુઆ પઢવાની કોશિશ કરવી જોઈએ.

(૧૭)ત્યાર બાદ અલ્લાહુઅકબર કહી બીજો સજદહ કરે,તેને પહેલા સજદહ માફક જ કરે અને પછી અલ્લાહુ અકબર કહેતાં જમીન પર હાથ ટેકવ્યા વિના ઊભી થઈ જાય, ત્યાર બાદ બિસ્મિલ્લાહ પઢી સૂરએ ફાતિહા પૂરી થવા પર આમીન કહે અને બિસ્મિલ્લાહ પઢી બીજી કોઈ સૂરત પઢે. *(બેહિશ્તી ઝેવર)*

(૧૮)બે રકાત પૂરી થવા પર કઅ્દહ કરે અને આ કઅ્દહમાં બેસવાનો તરીકો ઉપર જલ્સહના (બે સજદાઓ વચ્ચે બેસવાના) તરીકા મુજબ જ છે અને દરેક કઅ્દહમાં બેસવાનો તરીકો આ પ્રમાણે જ છે. કઅ્દહમાં અત્તહિય્યાત પઢે અને જયારે પઢતાં પઢતાં أَشْهَدُ أَنْ لَا إِلٰه પર પહોંચે ત્યારે જમણા હાથની નાની અને એના સાથેની આંગળીને મુટ્ટીમાં બંધ કરી લે (જેને ઈસ્લામની પરિભાષામાં "અકદ" કહેવામાં આવે છે) અને વચલી આંગળી અને અંગૂઠા વડે વર્તૂળ બનાવે અને શહાદતની આંગળી ઉઠાવી અલ્લાહની વહદાનિય્યતનો (એક હોવાનો) ઈશારો કરે અને إلا الله પર પાછી મૂકી આપે. અકદ અને હલ્કા–વર્તુળને પોતાની સ્થિતી પર છેલ્લે સુધી બાકી રાખે. *(બિહશ્તી ઝેવર)*

(૧૯) નમાઝ અગર બે રકાતવાળી હોય તો અંત સુધી આ જ શકલ બાકી રાખે અને અત્તહિય્યાત બાદ દુરૂદ શરીફ અને દુઆએ માષૂરા (અલ્લાહુમ્મ ઈન્ની ઝલમતુ નફસી...) પઢી સલામ ફેરવે અને જો ત્રણ અથવા ચાર રકાત વાળી નમાઝ હોય તો

અત્તહિય્યાત પઢયા બાદ તરત જ ઊભી થઈ જાય.

(૨૦)ત્રીજી અને ચોથી રકાતમાં સૂરએ ફાતિહા પહેલા બિસ્મિલ્લાહ પઢે, જો ફર્ઝ નમાઝ હોય તો સૂરએ ફાતિહા પઢયા પછી રૂકૂઅ કરે અને અગર વિત્ર, સુન્નત અથવા નફલ હોય તો બિસ્મિલ્લાહ પઢી સૂરત પઢે.

(૨૧)કઅદએ અખીરા (જેમાં સલામ ફેરવવામાં આવે છે)માં સલામ ફેરવતી વેળા "અસ્સલામુ અલયકુમ વ રહમતુલ્લાહ" કહેતા કહેતા જમણી બાજુ મોઢુ ફેરવે. સલામ કિબ્લા તરફથી શરૂ કરે અને જમણી બાજુ મોઢું ફેરવી પુરી કરે ત્યાર બાદ મોઢું કિબ્લા તરફ કરે અને "અસ્સલામુ અલયકુમ વ રહમતુલ્લાહ" બોલતા બોલતા ડાબી તરફ મોઢું ફેરવે. બંને તરફ સલામ કરતી વેળા ફરિશ્તાઓને સલામ કરવાની નિય્યત કરવી. ડાબી બાજુ સલામ કહેવાની શરૂઆત કિબ્લારૂખ મોઢું કરી કરવી, જમણી બાજુથી શરૂ ન કરવી.

## ઓરતોની જમાઅત

ઓરતો માટે જમાઅત કરવી મકરૂહ છે. તેઓ એકલી અલગ અલગ નમાઝ પઢે, પરંતુ ઘરના મહરમ માણસો જમાઅતથી નમાઝ પઢી રહયા હોય તો તેવણની સાથે જમાઅતમાં શરીક થવામાં કોઈ વાંધો નથી, પરંતુ આમા ઓરતોનું મર્દોથી બિલકુલ પાછળ ઊભું રહેવુ જરૂરી છે. મર્દો સાથે હરગિઝ ન ઊભી રહે.

*(મુફતી મુહમ્મદ તકી સા. મ.ઝિ.)*

ઓરતો પાંચ ફર્ઝ નમાઝો તેમજ તરાવીહ અને વિત્રની નમાઝ એકલી પઢે. તેઓ માટે જમાઅત કરવી મકરૂહે તહરીમી છે.

*(ફતાવા રહીમિય્યહ, ૩૪૭/૧ – દુર્રે મુખ્તાર, શામી ૪૧૮/૧)*

*આઝાદવેલ, દક્ષિણ આફ્રિકા* ***ફઝલુર્રહમાન આ'ઝમી***

*વચમા અને અંતમાં વધારો કરવાની તારીખ :*
રજબ, ૧૪૨૦ હિ. = ઓકટોબર, ૧૯૯૯ ઈ.

# ઓટોમેટિક નમાઝ

ફિત્નાઓથી ભરપૂર આજના યુગમાં મુસ્લિમ કોમ દીની અને રૂહાની રીતે જે સામુહિક મુસીબતો અને બીમારીઓમાં સપડાયેલ છે, તેમાંથી એક મોટી બીમારી અને મુસીબત ઈબાદતની અદાયગી પ્રત્યે ગફલત અને નિષ્કાળજી દાખવવું છે. એમાં પણ વિશિષ્ટ રીતે નમાઝ જેવી બુનિયાદી અને પાયાની ઈબાદતને હંમેશા બજાવનારા અને પાંબદી કરનારાઓ જે ગફલતથી અદા કરે છે, તે લખવા પાત્ર નથી. એમ કહી શકાય કે વર્તમાન યુગની દરેક વસ્તુ યંત્રવંત થઈ ઓટોમેટીક થઈ ગઈ છે, જેમાં નમાઝનો પણ આ જ હાલ છે. નમાઝ પઢવા વાળો જયારે તકબીરે તહરીમા માટે હાથ ઉઠાવે છે, તો જાણે ટેપરેકોર્ડ મશીન ઉપર નમાઝને કાર્યરત કરવાનો બટન દબાવી રહયો છે, પછી સ્વંય વિચારો અને ખયાલોની દુનિયામાં ન જાણે કયાં કયાં હરતો ફરતો રહે છે, બીજી તરફ નમાઝની કેસેટ ચાલુ જ છે, જેનો ઓટોમેટીક બટન 'અસ્સલામુ અલયકુમ' ઉપર બંદ (ઓટોસ્ટોપ) થઈ જાય છે. શેખ અત્તાર (રહ.)ના લખવા મુજબ

બે ગુનાહ ન ગુજિશ્ત બર મન સાઅતે
બા હુઝૂરે દિલ ન કરદમ તાઅતે

કાલે કયામતના દિવસે આપણાથી દિલની હાજરી વાળા એક સજદહની માંગણી થાય તો શકય છે કે આપણે એને રજૂ કરવા પાત્ર ન હોય.

વોહ સજદહ રૂહે ઝમીન જિસ સે કાંપ જાતી થી
ઉસી કો આજ તરસતે હૈં મિમ્બરો મેહરાબ

આ એક સત્ય હકીકત છે કે જો નમાઝમાં રૂહ અને સ્પ્રીટ પેદા કરી લેવામાં આવે તો ઉમ્મતની અગણિત મુસીબતો અને વિટંબણાઓ સ્વંય દૂર થઈ જાય.

(હઝરત અકદસ મવલાના મુફતી અહમદ ખાનપૂરી સાહેબ દા.બ.)
(મેરે મદની આકા સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમકી નમાઝ પેજ : ૧૦)